RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 207* Date: 25.05.2021 Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

**હવે ગુજરાતીઓ ભરાયા, કોનું માનવું**

# મોદી સરકારે કહ્યું, રજિસ્ટ્રેશન જરૂરી નહીં : રૂપાણી સરકારે કહ્યું ફરજિયાત રહેશે



ન્યુ દિલ્હી/ગાંધીનગર,તા.૨૪

દેશભરમાં વેક્સિનની અછતથી લાઈનો લાગવાની સાથે લોકોને સ્લોટ મળી રહ્યાં નથી. તાઉતે બાદ ગુજરાતમાં હવે વેક્સિનેશન ઝડપ પકડે તેવી સંભાવના વચ્ચે આજે લેવાયેલા નિર્ણયોએ ગુજરાતીઓને ભરાવી દીધા છે. મોદી સરકારે આદેશ કર્યો છે કે, ૧૮થી ૪૪ વર્ષના લોકોએ વેક્સિન માટે એડવાન્સમાં રજિસ્ટ્રેશન કરવાની જરૂર નથી. તેઓ સ્થળ પર જ રજિસ્ટ્રેશન કરી વેક્સિન લઈ શકે છે, આ આદેશના ગણતરીના કલાકોમાં જ ગુજરાતમાં જયંતિ રવીએ કહ્યું છે કે ગુજરાતમાં રજિસ્ટ્રેશન વિના વેક્સિન નહીં મળે. ગુજરાતમાં વેક્સિનેશન માટે એપના માધ્યમથી રજિસ્ટ્રેશનની પદ્ધતિ યથાવત છે.

આરોગ્ય અગ્ર સચિવ ડૉ. જયંતિ રવીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે રાજ્યમાં ૧૮ થી ૪૪ વયના લોકો માટે કોરોના વેક્સિનેશન હવે ઓનલાઇન રજીસ્ટ્રેશન વિના ઓન સ્પોર્ટ રજીસ્ટ્રેશનથી થઇ શકશે તેવા જે અહેવાલો પ્રચાર માધ્યમોમાં વહેતા થયા છે તેમાં કોઇ તથ્ય નથી. તેમણે જણાવ્યું છે કે રાજ્ય સરકાર દ્વારા હાલ જે રીતે વેક્સિનેશનની પ્રક્રિયા પ્રાયોર રજીસ્ટ્રેશનથી સ્થળ, સમય અને તારીખ આપીને કરવામાં આવે છે તે જ પ્રક્રિયા હાલ રાજ્યમાં યથાવત છે. રાજ્ય સરકારે હાલની વેક્સિનેશન માટે વેબસાઇટ અને એપના માધ્યમથી રજીસ્ટ્રેશનની જે પદ્ધતિ છે તે યથાવત રાખેલી છે

જ્યારે કેન્દ્ર સરકારે ૧૮થી ૪૪ વર્ષના લોકો માટે રજિસ્ટ્રેશન હટાવી દીધું છે. એટલે કે હવે આ એજ ગ્રુપના લોકોને સ્થળ પર જ વેક્સિન મળશે. આ ઉંમરના લોકો માટે હવે ઑનસાઇટ રજીસ્ટ્રેશન હશે.

એટલે કે આ ઉંમરના લોકો માટે ઑનલાઇન રજીસ્ટ્રેશનની સુવિધા તો રહેશે જ, હવે આ લોકો ઑફલાઇન પણ વેક્સિનેશન સેન્ટર પર જઇને રજીસ્ટ્રેશન કરાવી શકશે. આ સુવિધા એટલા માટે પણ શરૂ કરવામાં આવી રહી છે જેનાથી રસીનો બગાડ અટકાવી શકાય. એટલે કે જો ઑનલાઇન રજીસ્ટ્રેશન દ્વારા એટલા લાભાર્થી નથી પહોંચી રહ્યા અને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ છે, તો સેન્ટર પર પણ રજીસ્ટ્રેશન લોકોને વેક્સિન લગાવવામાં આવશે.

આ નવી વ્યવસ્થાનો ઉલ્લેખ કોવિન પ્લેટફોર્મ પર કરવામાં આવી રહ્યો છે. અત્યારે નવી સુવિધા સરકારી વેક્સિનેશન સેન્ટર્સ પર જ હશે. સ્વાસ્થ્ય મંત્રાલય તરફથી એક સત્તાવાર નિવેદન જાહેર કરતા જણાવ્યું છે કે રાજ્ય અને સ્વાસ્થ્ય અધિકારીઓ સાથે ચર્ચા બાદ હવે આ ઉંમરના લોકો માટે સાઇટ રજીસ્ટ્રેશન સુવિધા શરૂ કરવામાં આવી રહી છે. ઑનલાઇન બૂકિંગમાં દિવસના અંત સુધી કેટલાક ડોઝ બચી શકે છે, જેમકે કોઈ લાભાર્થી વેક્સિનેશનવાળા દિવસે ના આવ્યો. તો આવામાં ઑન સાઇટ રજીસ્ટ્રેશનની સુવિધા લઈ શકનારા લોકોને વેક્સિન લગાવી શકાશે. આનાથી વેક્સિનનો બગાડ નહીં થાય. બીજું કે કોવિન પર ભલે એક મોબાઈલ નંબર પર ૪ લાભાર્થીઓનું રજીસ્ટ્રેશન થઈ રહ્યું હોય અથવા પછી આરોગ્ય સેતુ અથવા ઉમંગ જેવી એપ પર રજીસ્ટ્રેશન થઈ રહ્યું છે, પરંતુ ઘણા એવા લોકો છે જેમને ઑન સાઇટ રજિસ્ટ્રેશનની જરૂરીયાત છે અથવા તેમની પાસે ઇન્ટરનેટ અથવા સ્માર્ટફોનની પહોંચી નથી આવામાં તેમને વેક્સિનેશનમાં મુશ્કેલી પડે છે, જેને નિવારી શકાય. આ સુવિધા હાલમાં ખાનગી કોવિડ રસીકરણ સેન્ટર માટે ઉપલબ્ધ નથી. ખાનગી સીવીસીએ પોતાના રસીકરણ કાર્યક્રમને ખાસ કરીને ઓનલાઈન અપોઈન્મેન્ટ માટે સ્લોટની સાથે જાહેર કરવાના રહેશે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને ૧૮થી ૪૪ વર્ષા લોકો માટે ઓન સાઈટ રજિસ્ટ્રેશન અને અપોઈન્ટમેન્ટ સુવિધાનો ઉપયોગ કરવાની મર્યાદા અને રીત સંબંધિત રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ સરકારના નિર્ણયનું કડકાઈથી પાલન કરવા માટે તમામ જિલ્લા રસીકરણ અધિકારીઓને સ્પષ્ટ નિર્દેશ આપવા કહ્યું છે.

લાભાર્થીઓને રસીકરણ સેવા આપવા માટે પૂરી રીતે ખાસ સેશનનું આયોજન પણ કરી શકાય છે. જ્યાં પણ આ પ્રકારના પુરી રીતે અનામત સેશન આયોજિ કરવામાં આવે છે, એવા લાભાર્થિઓને પુરતી સંખ્યામાં સાથે લાવવા માટે તમામ પ્રયત્ન કરવા જોઈએ.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સલાહ આપી છે કે રસીકરણ કેન્દ્ર પર ભીડભાડથી બચવા માટે ૧૮-૪૪ વર્ષ માટે ઓન સાઈન રજિસ્ટ્રેશન અને અપોઈન્ટમેન્ટ શરૂ કરતા સમયે વધારે સાવધાની રાખવી જોઈએ કારણ એવામાં ભીડ થવાની શક્યતા છે.

ડૉ. જયંતિ રવિએ જણાવ્યું છે કે, રાજ્ય સરકાર દ્વારા હાલ જે રીતે વેક્સિનેશનની પ્રક્રિયા પ્રાયોર રજીસ્ટ્રેશનથી સ્થળ, સમય અને તારીખ આપીને કરવામાં આવે છે તે જ પ્રક્રિયા હાલ રાજયમાં યથાવત છે. રાજ્ય સરકારે હાલની વેક્સિનેશન માટે વેબસાઇટ અને એપના માધ્યમથી રજિસ્ટ્રેશનની જે પદ્ધતિ છે તે યથાવત રાખેલી છે.

અત્રે નોંધનીય છે કે, કેન્દ્રએ આ સૂચના તમામ રાજ્યોને મોકલી છે અને તેમને સ્થળ પર નોંધણી સુવિધા શરૂ કરવા જણાવ્યું છે. એ રાજ્યો પર આધાર રાખે છે કે તેઓ આ સુવિધા પોતાને ત્યાં શરૂ કરે છે કે નહીં.

# દેશના 3 રાજ્યમાં બાળકો પર કોરોનાનો કહેર, લક્ષણો નહીં છતાં સંક્રમિત

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના સંક્રમણના કેસ સતત ઓછા થઈ રહ્યા છે. લોકોને રસી મૂકવા માટે અભિયાન ચાલુ છે. પરંતુ કોરોના વિરુદ્ધ લડી રહેલા ડોકટર્સ અને હેલ્થ કેર વર્કર્સ માટે નવો પડકાર તૈયાર છે. કોરોના સંક્રમણના નિશાને હવે દેશના બાળકો છે. રાજસ્થાનના બે જિલ્લામાંથી મોટા પાયે બાળકો સંક્રમિત થયા હોવાનો રિપોર્ટ સામે આવ્યો છે. દૌસામાં ૨૨ દિવસમાં ૩૦૦ બાળકો સંક્રમિત થયા અને સીકરમાં ૮૩ દિવસમાં ૧૭૫૭ બાળકો સંક્રમિત થયા. જ્યારે મધ્ય પ્રદેશના સાગરમાં ૩૦ દિવસમાં ૩૦૨ બાળકો સંક્રમિત થયા છે. જ્યારે ઉત્તરાખંડમાં ૨૦ દિવસમાં ૨૦૪૪ બાળકો સંક્રમિત થયા. રાહતની વાત એ છે કે કે તેમાંથી લગભગ તમામ બાળકો સામાન્ય ઉપચાર બાદ સાજા થઈ ગયા. જો કે કેટલીક જગ્યાએથી સારવાર દરિમિયાન બાળકોના મોતના સમાચાર પણ આવ્યા. અમારો હેતુ તમને ડરાવવાનો નથી પરંતુ સાવધાન કરવાનો છે. જેથી કરીને બાળકોને કોરોના સંક્રમણથી બચાવી શકાય. બાળકોમાં કોરોનાને ફેલાતો રોકી શકાય. પરંતુ સૌથી પહેલા અમે તમને બાળકોમાં કોરોનાના વધતા સંક્રમણના ચોંકાવનારા કેસ અંગે જણાવીએ છીએ.

રાજસ્થાનના દૌસામાં બાળકોમાં ઝડપથી ફેલાઈ રહેલા કોરોના સંક્રમણ વિશે ચોંકી જવાય તેવું છે. દૌસા જિલ્લામાં છેલ્લા ૨૨ દિવસમાં ૩૦૦ બાળકો કોરોના સંક્રમણનો ભોગ બન્યા. પરંતુ સંક્રમિત થયેલા આ બાળકોમાં કોરોનાના કોઈ લક્ષણો જોવા મળ્યા નથી. જો કે હાલ તો દૌસામાં કોઈ બાળક કોરોના સંક્રમિત નથી. દૌસાના સ્વાસ્થ્ય વિભાગે લોકોને અપીલ કરી છે કે બાળકોનું ખાસ ધ્યાન રાખવું. મધ્ય પ્રદેશના સાગરમાં બાળકો પર કોરોનાનો કહેર જોવા મળ્યો છે. સ્થિતિ જોતા પ્રશાસન અલર્ટ મોડ પર છે. સાગર જિલ્લામાં છેલ્લા એક મહિનામાં ૩૦૨ બાળોક કોરોના વાયરસથી સંક્રમિત થયા. અહીં ૪ બાળકોના સંક્રમણના કારણે મોત પણ થયા.



સાગર જિલ્લામાં ચાઈલ્ડ કોવિડ કેર સેન્ટર તૈયાર કરવામાં આવ્યું છે. સ્થિતિ ચિંતાજનક છે.

આ બધા વચ્ચે ઉત્તરાખંડ સરકાર તરફથી બહાર પડેલા કોરોના સંક્રમણના આંકડામાં ચોંકાવારી વાત સામે આવી છે. આ વર્ષે ૧થી ૨૦ મે વચ્ચે ઉત્તરાખંડમાં ૯ વર્ષથી ઓછી ઉંમરના ૨૦૪૪ બાળકો કોરોના સંક્રમિત જોવા મળ્યા છે. આ ઉપરાંત અહીં ૮૬૬૧ એવા સંક્રમિતો મળ્યા કે જેમની ઉંમર ૧૦થી ૧૯ વર્ષ વચ્ચે છે. બાળકોમાં શરૂઆતી લક્ષણો શું છે? જો તમને કોઈ બાળકમાં શ્વાસ લેવાની તકલીફ જોવા મળે, બાળકનું નાક વહ્યા કરતું હોય, તેને તાવ કે હળવી ઉધરસ હોય, બાળક પેટમાં દુખાવાની ફરિયાદ કરે, તે થાકેલું લાગે અને બાળકને ઝાડા કે ઉલ્ટી થતી હોય તો સાવધાન થઈ જાઓ. તરત કોરોનાની સારવારમાં લાગેલા ડોક્ટરનો સંપર્ક કરો. તેમને વાત કરીને સ્થિતિ જણાવો. જરૂર પડ્યે બાળકની તપાસ જરૂર કરાવો.

# આધાર કાર્ડ, વોટર આઈટી, પાસપોર્ટ, લાઈસન્સ નહીં હોય તો પણ લાગશે રસી

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોના સંક્રમણથી બચવા માટે રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે. ૧૮-૪૪ વર્ષના લોકોને રસી લેવા માટે કોવિન પોર્ટલ અથવા એપ પર રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે. સાથે જ રજિસ્ટ્રેશનના સમયે ઓળખના પુરાવા તરીકે આધાર કાર્ડ, વોટર આઈડી, પાસપોર્ટ, લાઈસન્સ, પાન કાર્ડ, એનપીઆર સ્માર્ટ કાર્ડ અથવા પેંશન દસ્વાતેજનો નંબર નોંધાવવો ફરજિયાત છે. જોકે, દેશમાં કેટલાક લોકો એવા પણ છે, જેની પાસે ફોટો ઓળખ પત્રના નામ પર કંઈ જ નથી. પંરતુ એવા લોકો માટે પણ રસીકરણ અભિયાનમાં જોડાવવા માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ગાઈડલાઈન બહાર પાડી છે.

મંત્રાલયે એવા લોકોના ગ્રુપની ઓળખ કરી છે, જેમની પાસે સામાન્ય રીતે કોઈ ઓળખ પત્ર નથી હોતા. તેમાં જુદા જુદા ધર્મોના સાધુ-સંત, જેલના કેદી, વૃદ્ધાશ્રમના લોકોસ ભિખારી, પુનર્વાસ કેન્દ્રોમાં રહેતા લોકો સામેલ છે. આ લોકોને ઓળખપત્ર વગર પણ રસી આપવાની વ્યવસ્થા કરવામાં આવી છે. મંત્રાલયે કહ્યું કે, અલ્પસંખ્યક મામલાના વિભાગ, સામાજિક ન્યાય કલ્યાણ વિભાગ વગેરેની મદદથી જિલ્લા ટાસ્ટ ફોર્સ એવા વ્યક્તિઓ ગ્રુપની ઓળખ કરી શકે છે જેમની પાસે કોઈપણ ઓળખનો પુરાવો નથી. લાભાર્થિઓની સંખ્યાની જાણકારી રાજ્ય સ્તર પર એકઠી કરવી જોઈએ અને રાજ્ય સરકાર દ્વારા આ એસઓપીના અમલીકરણ માટે સ્પષ્ટ નિર્દેશ આપવા જોઈએ. ત્યાર બાદ તેને રસી આપવામાં આવે. મંત્રાલયે આગળ કહ્યું, જિલ્લા ટાસ્ક ફોર્સ દ્વારા એક જિલ્લા નોડલ અધિકારી નામાંકિત કરી શકાય છે. ઓળખ કરવામાં આવેલ લોકોના ગ્રુપને રસી આપવા માટે જિલ્લા રસીકરણ અધિકારી (ડીઆઈઓ) જવાબદાર હશે. કોવિન પોર્ટ પર ખાસ રસીકરણની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. લાભાર્થીને ડિજિટલ રીસકરણ સર્ટિફિકેટ વેક્સીનેશન સેન્ટર પર જ આપવામાં આવશે. જિલ્લા નોડલ અધિકારી એ સુનિશ્ચિત કરવા માટે વ્યક્તિગત રીતે જવાબદાર હશે કે આ વિશેષ છૂટ માત્ર એવા લોકો માટે હશે જેની પાસે જરૂરી ઓળખના પુરુવા નથી.

# ખુલાસોઃ ચીને જ ફેલાવ્યો કોરોના, વુહાન લેબના સંશોધકો થયા હતા પહેલા સંક્રમિત

વોશિંગ્ટન,તા.૨૪

કોરોના વાયરસ મહામારીના કારણે દુનિયાભરમાં ૩૪ લાખથી વધારે મોત છતા આની ઉત્પત્તિને લઇને અત્યાર સુધી અટકળો લગાવવામાં આવી રહી છે. દુનિયાના અનેક દેશ આ ખતરનાક વાયરસના પેદા થવાની જગ્યા ચીનની વુહાન ઇન્સ્ટિટ્યુટ ઑફ વાયરોલોજીને માને છે. તેમનો દાવો છે કે ચીને આ મહામારીથી જોડાયેલી મહત્વની જાણકારીઓ છૂપાવીને આને આખી દુનિયામાં ફેલાવ્યો. હવે નવો ખુલાસો થયો છે કે નવેમ્બર ૨૦૧૯માં આ લેબમાં કામ કરનારા ત્રણ રિસર્ચર્સ એટલા બીમાર થઈ ગયા હતા કે તેમને હૉસ્પિટલમાં ભરતી કરવા પડ્યા હતા. મોટી વાત એ છે કે એ સમયે આખી દુનિયા કોવિડ-૧૯ના નામથી અજાણ હતી.

આનો ખુલાસો અમેરિકન મીડિયા વૉલ સ્ટ્રીટ જર્નલે અજ્ઞાત અમેરિકન ખુફિયા રિપોર્ટના આધારે કર્યો છે. માનવામાં આવી રહ્યું છે કે આનાથી વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનને કોવિડ-૧૯ વાયરસની ઉત્પત્તિ વિશે ઘણી સહાયતા મળી શકે છે. આજે ઉૐની એક બેઠક થવાની છે, જેમાં વાયરસની ઉત્પત્તિને લઈને ચર્ચા કરવામાં આવશે. આ રિપોર્ટને અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળના અંતિમ દિવસોમાં સ્ટેટ ડિપાર્ટમેન્ટ ફેક્ટ શીટમાં જાહેર કરવામાં આવ્યો હતો.

ચીનની વુહાન લેબમાં બીમાર પડેલા ત્રણ રિસર્ચર્સના બીમાર થયાની આ ખુફિયા જાણકારીને લઈને WHOથી જોડાયેલા અધિકારીઓએ અલગ-અલગ મંતવ્ય રાખ્યા છે. કેટલાક નિષ્ણાતોએ આને કોવિડની ઉત્પત્તિથી જોડાયેલી મહત્વની સાંકળ ગણાવી છે. તો કેટલાકે કહ્યું છે કે આ સૂચનાને આંતરરાષ્ટ્રીય ભાગીદાર દ્વારા પ્રાપ્ત કરવામાં આવી છે. આ કારણે અત્યારે પણ અમારે આગળની તપાસ અને અતિરિક્ત પુષ્ટીની જરૂરિયાત છે. જો કે અનેક અમેરિકન અધિકારીઓએ આને ઘણો મજબૂત પુરાવો ગણાવ્યો છે.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૩૧૮૭**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૭૯૧૬૫૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૪૫**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૯૩૦૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૭૧૩૦૬૫**

# વેક્સિન ખરીદવામાં ભારતે ઘણું મોડું કર્યું, હવે તેની પાસે મર્યાદિત વિકલ્પ -ડો. કાંગ

ન્યુ દિલ્હી,તા.૨૪

દેશમાં કોરોના વેક્સિનની અછત વચ્ચે ટોપ વાયરલોજિસ્ટનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. ડો.ગગનદીપ કાંગે કહ્યું હતું કે ભારતે આંતરરાષ્ટ્રીય બજારમાંથી મોટે પાયે કોરોના વેક્સિન ખરીદવામાં વિલંબ કરી દીધો છે. આ કારણે તે વેક્સિન ખરીદવાની દોડમાં પાછળ રહી ગયું. મોદી સરકારે વેક્સિનની ક્લિનિકલ ટ્રાયલ માટે કોઈ ચુકવણી કરી નથી કે ન તો કોઈ વેક્સિનના ઓર્ડર આપવા માટે કોઈ એડવાન્સ પેમેન્ટની ચુકવણી કરવામાં રુચિ દાખવી.

ન્યૂઝ વેબસાઇટના એક અહેવાલ મુજબ ડો.કાંગે જણાવ્યું હતું કે દુનિયાના બાકીના દેશ છેલ્લા એક વર્ષથી જોખમ ખેડીને વેક્સિન ખરીદવા માટે લાગેલા હતા, પરંતુ આપણી સરકારે કંઇપણ કર્યું નહીં. આવી સ્થિતિમાં હવે આપણી પાસે મર્યાદિત વિકલ્પો જ બચ્યા છે.

ડો.કાંગ સુપ્રીમ કોર્ટ દ્વારા મેડિકલ ઓક્સિજન અંગે રચાયેલી કમિટીના સભ્ય પણ છે. તેમણે કહ્યું હતું કે ભારત ઝાયડસ કેડિલા, બાયોલોજિકલ-ઇ જેવી કંપનીઓ પાસે જઈ શકે છે, જેમની વેક્સિન વર્ષના અંત સુધીમાં આવનારી છે. તેઓ તેમના ઉત્પાદનને વેગ આપવા માટે કહી શકે છે. વધુ વેક્સિનનું પ્રોડકશન કરો. જો તમારી ટ્રાયલ સફળ રહી તો અમે બધી જ વેક્સિન ખરીદી લઈશું.

ડો.કાંગનું નિવેદન એવા સમયે આવ્યું છે જયારે ઘણાં રાજ્યોએ વેક્સિન માટે ગ્લોબલ ટેન્ડર બહાર પાડ્યાં છે. કેન્દ્ર સરકારે રાજ્યોને ગ્લોબલ ટેન્ડર બહાર પાડીને સીધા વિદેશથી વેક્સિનના ઓર્ડર કરવા માટે કહ્યું છે. ઉત્તરપ્રદેશ, ઓડિશા, મહારાષ્ટ્ર, દિલ્હી સહિતનાં અનેક રાજ્યોએ આ માટે ગ્લોબલ ટેન્ડર બહાર પાડ્યાં છે.

## તંત્રી સ્થાનેથી...

## કોરોનાએ વિશ્વને મોટી શીખ આપી પરંતુ આમ લોકો કે સરકારો સમજશે.....?

*દેશમાં કોરોના મહામારી ના વળતા પાણી શરૂ થઈ ગયા છે. દિલ્હી અને હરિયાણા રાજયને છોડીને કોરોના હોટસ્પોટ રાજયો લોકડાઉન, કર્ફ્યુ કે પ્રતિબંધના તમે આદેશો હળવા કરી નાખતા વેપારીવર્ગ સહિતના અનેક લોકોમાં હાશકારો થયો છે....પરંતુ બજારો ખુલવા છતાં ગ્રાહકની મોટામાં મોટી ખોટ દેખાઈ રહી છે.ટૂંકમાં ખરીદનારાજ બજારમાં આવતા નથી, જેથી બજારની રોનક ઝાંખી પડી ગઈ છે. તો અનેક ઉદ્યોગોમાં શ્રમિકોની ગેરહાજરીને કારણે તેમજ કાચા માલની અછત ઉપરાંત માંગ ઘટવાને લઈને ઉત્પાદનો પર અસર થવા પામી છે. મોટાભાગના પરપ્રાંતિઓ વતન જતા રહ્યા હોય તેવું લાગી રહ્યું છે.....! કોરોના મહામારી ના હોટસ્પોટ રાજયોમાં લોકડાઉનના કડક અમલ સાથે આમ પ્રજાજનોએ નિયમોનું પાલન કરતા કોરોના સાંકળ તૂટી છે કે કેસો ઓછા થઈ ગયા તેમ કહી શકાય... બહુ ઝડપથી કોરોના કેસો ઘટવા લાગ્યા છે. આમ છતાં દિલ્હી અને હરિયાણા રાજયએ લોકડાઉન લંબાવ્યું છે જયારે મહારાષ્ટ્ર સરકારે પ્રતિબંધનાત્મક આદેશો હળવા કર્યા છે પરંતુ કોરોના ની ત્રીજી લહેર ત્રાટકી શકે તેવી શંકાને લઈને મહારાષ્ટ્રમાં ૩ જેટલા મોટા કોરોના સેન્ટર ઉભા કરવામાં આવી રહ્યા હોવાની જાણકારી ત્યાંના આરોગ્ય મંત્રીએ પત્રકારોની જણાવેલ. બીજી તરફ દેશભરમાં મોટાભાગના લોકોમાં કોરોના અંગે જાગૃતિ વ્યાપી ગઈ છે કારણ લોકો માસ્ક ધારણ કરેલા જ જોવા મળે છે. ગુજરાતમાં કોરોના કેસોમાં ઘટાડો થતાં પ્રતિબંધાત્મક આદેશોમામોટી છૂટછાટ આપી છે. સવારના આઠ વાગ્યાથી ત્રણ વાગ્યા સુધી મોટાભાગના વેપાર-ધંધાને ખોલવાની છૂટ આપી છે જેથી બજારો ખુલતા વેપારી વર્ગ આનંદમા આવી ગયો છે..... પરંતુ વેપારી વર્ગમાં એ ચિંતા ફરી વળી છે કે ખરીદનાર ગુમ થઈ ગયા છે....! કારણ ચાર દિવસથી મોટાભાગના બજારો ખૂલી ગયા છે પરંતુ અનેકોની બોણી થતી જ નથી મતલબ ખરીદ કરનાર ડોકાતાજ નથી. લગ્ન સિઝન છતાં બજારોમાં ધંધા ઠપ્પ છે તેમ કહીએ તો અતિશયોક્તિ નથી.....!*

*કોરોનાએ આમ પ્રજાને ઘણું બધુ સારું આપ્યુ છે તો કેટલીક પરંપરાઓ તોડીને મોટી શિખામણ આપી છે. પરંતુ ભારત સનાતન સંસ્કૃતિને વરેલો છે એટલે માનવતા કે માનવીય અભિગમ છોડી શકે તેમ નથી. કોરોના ત્રાટકતા દેશના કેટલાક કોરોના હોટસ્પોટ રાજયોમાં પ્રતિબંધનાત્મક આદેશો, લોકડાઉન કે કર્ફ્યુ લાદી દેવામાં આવતા દેશના હવામાનમા-વાતાવરણમાં - પર્યાવરણમાં સુધારો થયો છે... દૂરની કુદરતી સંપદા સહિતનું સ્પષ્ટ રીતે જોવા મળી રહ્યુ છે તો વિવિધ પ્રકારના પક્ષીઓ શહેરી વિસ્તારોમાં હરતા-ફરતા કે ઉડતા જોવા મળી રહ્યા છે. હવા સ્વચ્છ થઈ ગઈ હોય તેવુ અનુભવાઈ રહ્યું છે. બીજી તરફ સરકાર દ્વારા પ્રતિબંધનાત્મક આદેશો તથા કોરોના ના ડરને કારણે કાંધ આપનારા ગુમ હતા જયારે કે સ્મશાન યાત્રાને સ્થાને શબવાહીનીનો ઉપયોગ વધી ગયો. ટુંકમાં કાંધ સાથે ગંગાજળ ગયું,ઘી તથા આર્થિક વિસર્જન પણ ગયું....ના બેસણું, ના ઉઠમણૂ, ના રહ્યું બારમુ-તેરમું....હા રહ્યું માત્ર ટેલીફોનિક બેસણું. માણસ સાથે માણસાઈ ગઈ તે સાથે રિવાજ અને રીત ગયા. જયારે કે લગ્ન પ્રસંગે ૫૦ લોકો બન્ને મળીને એટલે તેની પાછળ થતા ખોટા ખર્ચ બચી ગયા. બીજી તરફ માનવતા ભૂલેલા તકવાદીઓએ જીવન જરૂરી ચીજ વસ્તુઓ અનાજ,કઠોળ,કરીયાણુ, શાકભાજી વગેરેમા વધુ કિંમતો લઈને રીતસર ખુલ્લેઆમ સફેદ લૂંટ ચલાવી.તો દર્દીઓ માટે જરૂરી ફળ-ફળાદી,દવાઓ,ઇન્જેકશન વગેરેમા કાળાબજાર કરી રીતસર ધાડપાડુ જેવી લૂંટ ચલાવી. લોકો જયાં માથું ટેકવે છે, શ્રદ્ધાનુ સ્થાન છે અને દાનની સરવાણી વહાવે છે.... તે ધાર્મિક સ્થાનોમાં તાળાબંધી લાગી... પરંતુ બે પાંચ ધર્મ સ્થાનો સિવાયના કોઈ પ્રજાની સહાય કે મદદ કરવા માટે બહાર નથી આવ્યા... ખરેખર સાચા અર્થમાં કોરોનાએ વિશ્વભરની આમ પ્રજાને અને સરકારોને મોટી શીખ આપી છે.... પરંતુ તેમાંથી કેટલા બોધપાઠ લેશે કે સમજશે.....? તે મોટો સવાલ છે......?! વંદે માતરમ્,*

## ભારતમાં કોરોનાથી માત્ર ૨૬ દિવસમાં ૧ લાખ લોકોએ જીવ ગુમાવ્યા

# એમેરિકા-બ્રાઝિલ બાદ ભારત ત્રીજા નંબરે, છેલ્લા ૨૪ કલાકમાં ૨.૨૨ લાખ નવા કેસ, ૪૪૫૪ના મોત




ન્યુ દિલ્હી,તા.૨૪

ભારતમાં કોરોના વાયરસના નવા કેસ ઘટતા જાય છે પણ મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. દેશભરમાં કોવિડ-૧૯થી ૨૪ કલાકમાં ૪૪૫૪ લોકોએ જીવ ગુમાવ્યા. આ સાથે જ કોનાથી કુલ મૃત્યુનો આંકડો હવે ૩ લાખને પાર કરી ગયો છે. એક દિવસમાં કોરોનાના નવા ૨.૨૨ લાખ નવા કેસ નોંધાયા છે.

ભારતીય આરોગ્ય મંત્રાલયે આજે સવારે જાહેર કરેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાયરસના નવા ૨,૨૨,૩૧૫ નવા દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસનો આંકડો ૨,૬૭,૫૨,૪૪૭ પર પહોંચી ગયો છે જેમાંથી ૨,૩૭,૨૮,૦૧૧ દર્દીઓ રિકવર થઈ ગયા છે જયારે ૨૭,૨૦,૭૧૬ લોકો હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં કોરોનાએ ૪૪૫૪ લોકોનો ભોગ લીધો. આ સાથે કુલ મૃત્યુઆંક હવે ૩,૦૩,૭૨૦ થઈ ગયો છે. રસીકરણ અભિયાન હેઠળ કુલ ૧૯,૬૦,૫૧,૯૬૨ કોરોનાના ડોઝ અપાઈ ચૂક્યા છે. ૨૪ કલાકમાં કોરોનાથી ૩,૦૨,૫૪૪ લોકો રિકવર પણ થયા છે.

આ સાથે જ અમેરિકા અને બ્રાઝિલ બાદ ભારત ત્રીજો એવો દેશ છે જયાં કોવિડ-૧૯થી ૩ લાખ લોકોના મોત થયા છે. અમેરિકામાં ૬ લાખ ૪ હજાર ૮૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. જ્યારે બ્રાઝિલમાં ૪ લાખ ૪૯ હજાર ૧૮૫ લોકોના મોત થયા છે. ભારતમાં આ આંકડો હવે ૩ લાખને પાર ગયો છે અને કોરોનાથી અત્યાર સુધીમાં કુલ ૩,૦૩,૭૨૦ લોકોના જીવ ગયા છે. ભારતમાં છેલ્લા એક મહિનામાં કોવિડ-૧૯થી થનારા મોતમાં ચોંકાવનારો વધારો થયો છે. છેલ્લા ૨૬ દિવસમાં એક લાખથી વધુ લોકો પોતાના જીવ ગુમાવી ચૂક્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા મુજબ ભારતમાં ૨૮ એપ્રિલના રોજ મોતનો આંકડો ૨ લાખ હતો અને હવે ૨૬ દિવસ બાદ આ આંકડો ૩ લાખને પાર ગયો છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ ગઈ કાલે દેશભરમાંથી ૧૯,૨૮,૧૨૭ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. આ સાથે અત્યાર સુધીમાં દેશમાં કુલ ૩૩,૦૫,૩૬,૦૬૪ કોરોના ટેસ્ટ કરાયા છે.

ચિંતાની વાત એ છે કે છેલ્લા ૨ અઠવાડિયામાં મોતનો આંકડો અઢી લાખથી ત્રણ લાખને પાર કરી ગયો છે. ભારત અત્યારે દુનિયામાં કોરોનાનું એપિસેન્ટર બનેલું છે, કેમકે સૌથી વધારે નવા કેસ અહીં આવી રહ્યા છે. તો મોતના કેસોમાં પણ અત્યારે ભારત દુનિયાનો ત્રીજો સૌથી પ્રભાવિત દેશ બની ગયો છે. અમેરિકા, બ્રાઝિલ બાદ હવે કોવિડથી સૌથી વધારે મોત ભારતમાં જ થયા છે. અમેરિકામાં ૬૦૪,૦૮૭, બ્રાઝીલમાં ૪૪૯,૧૮૫ અને ભારતમાં ૩૦૩,૭૫૧ મોત થયા છે. ઉલ્લેખનીય છે કે એક્સપર્ટ્સના જણાવ્યા પ્રમાણે, ભારતમાં કોરોનાની બીજી લહેરની અસર જુલાઈ સુધી ઓછી થવા લાગશે. જો કે ત્રીજી લહેરની પણ ચેતવણી આપવામાં આવી છે, જે ૬ મહિના બાદ આવી શકે છે, પરંતુ અત્યારે કોરોનાની સાથે બ્લેક ફંગસે ભારતની ચિંતા વધારી છે, જેના લગભગ ૯ હજાર કેસ સામે આવ્યા છે.

## કોરોનાની ત્રીજી લહેર, બાળ આયોગે દરેક રાજ્ય પાસે માંગી મહત્વની જાણકારી

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોનાની બીજી લહેરમાં હવે ઘટાડો જોવા મળી રહ્યો છે, પરંતુ હેલ્થ એક્સપર્ટ્સનું કહેવું છે કે કેટલાક દિવસ બાદ દેશ ત્રીજી વેવથી સંક્રમિત થઈ શકે છે. ત્રીજી વેવની ઝપટમાં દેશની ૩૫ ટકા સુધીની વસ્તી આવી શકે છે. આ સાથે જ એ પણ માનવામાં આવી રહ્યું છે કે ત્રીજી લહેરની સૌથી વધારે અસર બાળકો અને કિશોરોને થઈ શકે છે. આવી શક્યતાઓની વચ્ચે રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગે રાજ્યોને એક અઠવાડિયાની અંદર બાળકો માટે હેલ્થ ઈન્ફ્રાસ્ટરના આંકડાઓ આયોગમાં જમા કરાવવાનો આદેશ આપ્યો છે.

એનસીપીઆરના અધ્યક્ષ પ્રિયાંક કાનૂનગોએ કહ્યું કે, હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની શું સ્થિતિ છે એ સેકન્ડ વેવમાં સામે આવી ગયું છે. હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તંગીથી પણ મોટી મુશ્કેલી એ છે કે વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચર પણ સંપૂર્ણ રીતે ચાલુ સ્થિતિમાં નથી. આનું મુખ્ય કારણ મેડિકલ સિસ્ટમમાં ટેક્નિશિયનની ભારે તંગીનું હોવું અને બેદરકારીભર્યું વલણ છે. સેકન્ડ વેવ દરમિયાન અનેક એવી ઘટનાઓ સામે આવી છે જેમાં વેન્ટિલેટર રાજયોમાં ધૂળ ચાટી રહ્યા છે, કેટલાક વેન્ટિલેટર રિપેરિંગના અભાવે બેકાર પડ્યા રહ્યા.

તેઓ કહે છે કે, આ કારણે અમે સાવધાનીની સાથે રાજ્યો પાસે ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આંકડા માંગ્યા છે, જેનાથી જરૂરિયાતના સમયે બહનાબાજીની શક્યતા ના રહે. રાજય એલર્ટ થઈ જાય અને અત્યારથી કેન્દ્ર સરકારને જણાવી શકે છે કયા રાજ્યમાં શું સ્થિતિ છે, કોને કેટલી મદદની જરૂરિયાત છે? આયોગે એક વિસ્તૃત ફોર્મ રાજ્યોને મોકલ્યું છે, પરંતુ આ ફૉર્મમાં આંકડા ભરતા સમયે રાજ્યોનો પરસેવો છૂટી જશે. આમાં બાળકોની સારવાર માટે કુલ હૉસ્પિટલ, નર્સિંગ હોમ, પ્રાથમિક સારવાર કેન્દ્ર, ડૉક્ટરો, નર્સોના આંકડાઓ ભેગા કરવામાં તો કદાચ રાજ્યોએ વધારે મથામણ નહીં કરવી પડે, પરંતુ આની આગળના આંકડાઓ માટે રાજ્યોને મુશ્કેલી પડી શકે છે. ઉલ્લેખનીય છે કે પબ્લિક ડોમેનમાં રહેલા રિપોર્ટમાં ચાઈલ્ડ હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના આંકડા ગાયબ જોવા મળી રહ્યા છે. તેથી આવામાં રાજ્યોએ આટલા ઝીણવટભર્યા આંકડા આપવા સરળ નહીં રહે.

## દેશમાં બ્લેક ફંગસના ૫૪૨૪ કેસ, સૌથી વધુ ગુજરાતમાં સૌથી વધુ ૨૧૬૫ કેસ

ન્યુ દિલ્હી,તા.૨૪

કોરોના મહામારીની બીજી લહેર હજુ સુધી સંપૂર્ણપણે ખતમ પણ નથી થઈ કે બ્લેક ફંગસ નામની નવી આફત વધી રહી છે. સોમવારે ભારત સરકારના ગ્રુપ ઑફ મિનિસ્ટર્સની બેઠક થઈ. જેમાં કોરોના મહામારી અને તેની રોકથામ માટે વિસ્તારથી ચર્ચા કરવામાં આવી. આ બેઠકમાં બધાએ મ્યૂકોરમાઈકોસિસ પર પણ ચિંતા વ્યક્ત કરી. ત્યારબાદ કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય ડૉ. હર્ષવર્ધને આની સાથે જોડાયેલી ઘણી મહત્વની માહિતીઓ આપી.

આરોગ્ય મંત્રીના જણાવ્યા મુજબ દેશમાં અત્યાર સુધી બ્લેક ફંગસના ૫૪૨૪ નવા કેસ સામે આવ્યા છે. આ કેસ ૧૮ રાજયો/ કેન્દ્રશાસિત પ્રદેશમાં છે. આમાંથી ૪૫૫૬ દર્દી એવા છે જે કોરોનાથી રિકવર થઈ ચૂક્યા છે. સાથેજ ૫૫ ટકા દર્દીઓને ડાયાબિટીઝ હતો. હાલમાં ગુજરાત સૌથી વધુ પ્રભાવિત રાજ્ય છે જયાં ૨૧૬૫ કેસ સામે આવ્યા છે. ત્યારબાદ મહારાષ્ટ્રમાં ૧૧૮૮, ઉત્તર પ્રદેશમાં ૬૬૩, મધ્ય પ્રદેશમાં ૫૧૯, હરિયાણામાં ૩૩૯, આંધ્ર પ્રદેશમાં ૨૪૮ કેસ નોંધવામાં આવ્યા છે.

કોરોના પર આરોગ્ય મંત્રીએ કહ્યુ કે દેશના ૧૬ રાજયોમાં પૉઝિટિવિટી રેટ ઘણો વધુ છે. આ રાજ્ય છે - કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, રાજસ્થાન, જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશ, ગોવા, મણિપુર, પુડુચેરી, મેઘાલય, અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, સિક્કિમ અને લક્ષદ્વીપ. વળી, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૪૫૪ દૂર્ભાગ્યપૂર્ણ મોત થયા જેમાં સૌથી વધુ ૧૩૨૦ મોત મહારાષ્ટ્રમાં થયા. ત્યારબાદ કર્ણાટકમાં ૬૨૪, તમિલનાડુમાં ૪૨૨ અને ઉત્તર પ્રદેશમાં ૨૩૧ મોત નોંધવામાં આવ્યા છે. ગુજરાતમાં કોરોના મહામારી ધીરે-ધીરે ઓછી થઈ રહી છે તો હવે નવી એક મહામારીએ હાહાકાર મચાવ્યો છે. કોરોના થયા બાદ દર્દીમાં થતી મ્યુકોરમાઈકોસિસની બીમારીમાં સતત વધારો થઈ રહ્યો છે.

## ભાવનગર માર્કેટીંગ યાર્ડ ફરી ધમધમતું થયું, જાહેર હરાજી પણ શરૂ

ભાવનગર,તા.૨૪

કોરોના સંક્રમણ વધતા યાર્ડમાં તમામ હરાજીની કામગીરી બંધ કરવામાં આવી હતી, અને આજે લાંબા સમય બાદ ભાવનગર માર્કેટિંગ યાર્ડનો પ્રારંભ થયો હતો, કોરોનામાં આંશિક રાહત મળતા યાર્ડમાં હરાજીમાં મંજૂરી આપવામાં આવી છે, માર્કેટિંગ યાર્ડ આજ થી પુનઃ ધમધમતું થયું છે.

કોરોના મહામારીને કારણે ભાવનગર માર્કેટિંગ યાર્ડ છેલ્લા ઘણાં સમયથી બંધ હતું. ભાવનગર માર્કેટિંગ યાર્ડ ખાતે તમામ જણસી અનાજ, કઠોળ, મગફળી, સીંગતેલ, તેલીબીયા, કપાસ (ડુંગળી સિવાયની) ખેડૂતોની જાહેર હરાજી આજથી શરૂ કરવામાં આવ્યું છે. જો કે તાઉતે વાવાઝોડાને પગલે લીંબુમાં મોટા પાયે નુકસાન થયું હતું. લીંબુ બગડી જતા અને ભાવ નહી મળતા ખેડૂતો અને વેપારીઓ દ્વારા લીંબુ ફેંકી દેવામાં આવ્યા હતા. વાવાઝોડાનાં કારણે યાર્ડમાં હરાજી બંધ રહેતા લીંબુનો બગાડ થયો હતો.

## વડોદરાની હોસ્પિટલે વધારે દર્દીઓ બતાવીને ઓક્સિજનનો જથ્થો રાખ્યાનો ઘટસ્ફોટ

વડોદરા,તા.૨૪

વડોદરા શહેરમાં ગત મહિને ઓક્સિજનને લઈને ભારે હાડમારી સર્જાઈ હતી. ઓક્સિજનની સતત ઘટ પડતા ભાજપના ધારાસભ્યો સહિતનુ તંત્ર છેક કેન્દ્ર સરકાર સુધી આજીજી કરતુ હતુ તેમજ ઓક્સિજન ઉત્પાદકોને વધારે જથ્થો આપવા હાથ લંબાવતુ હતુ ત્યારે ધીરજ જનરલ હોસ્પિટલમાં ઓછા દર્દીઓ હોવા છતાં પણ વધારે દર્દીઓ કાગળ પર બતાવીને જરૂર ન હોવા છતાં ઓક્સિજનનો વધારે જથ્થો લઈ ગયા હોવાની વિગતો પણ સપાટી પર આવી છે. વધારાનો જથ્થો સંગ્રહ કરીને હોસ્પિટલવાળા તેને કાળા બજારમાં વેચતા તો ન હતા ને ? તેની પણ તપાસ હાથ ધરાઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગત એપ્રિલ મહિનામાં વડોદરાની કોવિડ હોસ્પિટલોમાં ઓક્સિજનના જથ્થાની ભારે કટોકટી સર્જાઈ હતી અને કેટલીક હોસ્પિટલોમાં દર્દીઓને બીજી હોસ્પિટલમાં શિફ્ટ કરવાની પણ નોબત આવી હતી. ઓક્સિજનની જેટલી જરૂર છે તેટલો જથ્થો મળી રહે તે માટે કોવિડની કામગીરીમાં જોડાયેલુ આખેઆખુ તંત્ર ઉત્પાદકો, રાજ્ય સરકારના કાન સુધી વાત પહોંચાડી હતી. વડોદરાના ધારાસભ્યોએ પણ રાજય સરકાર અને છેક કેન્દ્ર સરકારના મંત્રીઓને વડોદરાને ઓક્સિજનનો વધારે જથ્થો આપવાની રજૂઆતો કરી હતી. વડોદરાનુ આખુ તંત્ર ઓક્સિજન માટે જુદી જુદી જગ્યાએ ફાંફા મારી રહ્યું હતું ત્યારે ધીરજ જનરલ હોસ્પિટલ દ્વારા ઓક્સિજનમાં પણ કાલાકાંડી કરી નાખી હતી.

ધીરજ જનરલ હોસ્પિટલમાં ઓછા દર્દીઓ હોવા છતાં વધારે દર્દીઓ બતાવીને વધારે પ્રમાણમાં ઓક્સિજનનો જથ્થો લઈ લેવાયો હોવાની વિગતો સપાટી પર આવી છે. ગત તા. ૨૫મી એપ્રિલથી ગત તા. ૧૦મી મે સુધીમાં ધીરજ હોસ્પિટલને જરૂર ન હોવા છતાં પણ વધારે ઓક્સિજનનો જથ્થો કબજે કર્યો હતો. સૂત્રોએ કહ્યું હતું કે, ૨૦૦થી ૨૫૦ માંડ દર્દીઓ હતા તેમ છતાં રોજના ૫ ટન, ૭ ટન, ૧૦ ટન અને ૧૧ મેટ્રીક ટન જથ્થો લઈ જતા હતાં. સૌથી વધારે જથ્થો ૧૨ ટન લેવાયો હતો. જોકે, વધારે દર્દીઓ માત્ર કાગળ પર બતાવાયા હતા, પરંતુ હોસ્પિટલમાં એટલા દર્દીઓ ન હતાં. આ ઓક્સિજનના જથ્થામાં ધીરજ હોસ્પિટલે બારોબાર વેચાણ કરીને કાળો વેપાર તો નથી કર્યો ને? તેની પણ તપાસ થઈ રહી છે.

ઓક્સિજનની તંગી સર્જાયેલી હોવાથી સરકારની સૂચનાથી લીકેજીસ રીપેર કરવા અને ઓક્સિજનનો જથ્થો વેડફાય નહીં તેની તકેદારી રાખવાની સૂચનાઓ આપવામાં આવી હતી. જે મુજબ વડોદરાના તંત્રએ બધી હોસ્પિટલોની જેમ ધીરજ હોસ્પિટલને પણ આ બાબતે તકેદારી રાખવા માટે સાવચેત કર્યા હતા, પરંતુ હોસ્પિટલે તે સૂચનાનુ પાલન કર્યુ ન હતુ. તેમજ હોસ્પિટલના સ્ટાફે ચેકિંગ કરતા હોસ્પિટલમાં જૂની અને જર્જરિત લાઈનો હતી. તેને બદલી પણ ન હતી. તે લાઈનોમાંથી ઓક્સિજનના જથ્થાનો વેડફાટ થતો હોવાનુ પણ બહાર આવ્યુ હતુ.

## રાજ્ય મ્યુકોરમાઈકોસિસના ભરડામાં, ૨૬ જિલ્લામાં બ્લેક ફંગસ વકર્યો

ગાંધીનગર,તા.૨૪

ગુજરાત રાજયમાં ઘાતક મ્યુકોરમાઈકોસિસનો ભરડો ધીમે ધીમે વધતો જાય છે. કોરોના પછી હવે ફંગસની બિમારીથી રાજયમાં દર્દીઓનો ઉત્તરોતર વધારો થયો છે. આ બિમારી ઘણી ઘાતક સાબિત થઈ રહી છે. ગુજરાતમાં સોમવારે બપોરે ૧૨ વાગ્યા સુધી રાજયમાં ૨ હજાર ૩૮૧ કેસ નોંધાયા છે. બ્લેક ફંગસથી મોત થવાના કિસ્સા પણ વધ્યા છે.

અત્યાર સુધી ૮૧ દર્દીના મોત થયા છે., રાજયના કુલ ૨૬ જીલ્લામાં મ્યુકોરમાઈકોસિસના કેસ નોંધાયા છે. ૧૨ જીલ્લામાં કોઈ કેસ કે મોત થયું નથી. ૧૪ જીલ્લામાં બ્લેક ફંગસથી મોત થવાના કિસ્સા નોંધાય છે..સૌથી વધુ મોત થયા હોય તેવા વિસ્તારમાં અમદાવાદ પ્રથમ નંબરે છે. અમદાવાદમાં અત્યાર સુધી ૩૫ દર્દીના મોત થયા છે. સુરત ખાતે બ્લેક ફંગસથી મોત થવાના ૨૧ કિસ્સા નોંધાયા છે.

મ્યુકરમાઈકોસિસ અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં પ્રવેશી ચૂક્યો છે, અમદાવાદ જિલ્લામાં મ્યુકરમાઈકોસિસના ૮ કેસ નોંધાયા છે,જે પૈકી ૩ દર્દીઓની સારવાર પૂર્ણ થઈ ચૂકી છે,જયારે ૫ દર્દીઓ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૯ કેસ પૈકી ૫ કેસ સાણંદમાં ૧ કેસ ધોળકા સામે આવ્યો છે,ગ્રામ્ય વિસ્તારમાં રોગ ફેલાતા તબીબોમાં ચિંતા પ્રસરી ગઈ છે..રાહતની વાત એ છે કે મોટી ઉંમરના સ્ટોરોઈડ અને ઓક્સિજન લેનાર દર્દીઓને જ મ્યુકરમાઈકોસિસનો રોગ થયો છે.,બાળકો અને નાની ઉંમરના કોઈ પણ વ્યક્તિ આ રોગનો શિકાર નથી બન્યા.અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મ્યુકરમાઈકોસીસના ઓપરેશન માટે દર્દીઓનું વેઈટિંગ લાગ્યુ છે. ૧૨૫ જેટલા દર્દીઓનું ઓપરેશન માટે વેઈટિંગ ચાલી રહ્યું છે. દરરોજના ૨૫ થી ૩૦ ઓપરેશન કરવામાં આવે છે.

## રાજ્યમાં ગરમીની ઘટ વચ્ચે આગામી ૫ દિવસ વરસાદની આગાહી

અમદાવાદ,તા.૨૪

'તાઉ તે' વાવાઝોડાની વિદાય પછી પણ હજુ કમોસમી વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. આગામી ૨૪ કલાકમાં કચ્છ અને સૌરાષ્ટ્રમાં અમુક સ્થળો પર હળવા વરસાદની આગાહી હવામાન ખાતાએ કરી છે. હજુ ભેજનું ઉંચું પ્રમાણ હોય રાત્રે ઠંડક અનુભવાઈ રહી છે. ૨૪ કલાક પછી ગરમીનો પારો ઉંચો જશે તેમ હવામાન ખાતાનું કહેવું છે.

હાલમાં દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન નીચલા સ્તર પર ફૂંકાઈ રહ્યો છે. તેના કારણે ભેજનું પ્રમાણે સવારે ૮.૩૦ વાગ્યે ૭૩ ટકા અને સાંજે ૫.૩૦ વાગ્યે ૪૯ ટકા જેટલું ઉંચું રહે છે. હવામાન ખાતાની આગાહી મુજબ અમદાવાદમાં વાદળછાયું વાતાવરણ રહેશે. મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી રહેશે. મહત્તમ તાપમાનમાં આગામી ૨૪ કલાક સુધી કોઈ ફેરફાર થશે નહીં.

ત્યારબાદ ૦૨થી ૦૩ ડિગ્રી સુધી તાપમાન વધશે વાવાઝોડાના કારણે માંડ માંડ ગરમી જામી હતી ત્યાં હળવી ઠંડક આવી ગઈ છે. ભેજયુક્ત પવનના કારણે સ્થિતિ એવી બની છે કે લોકો પરસેવે રેબઝેબ બની જાય છે. આવી ગરમી, બફારો અને પરસેવો વળવાની ઘટના ચોમાસામાં બનતી હોય છે. કેમકે ત્યારે ગરમી ખાસ્સી ઘટી ગઈ હોય છે. હજુ તો વૈશાખ માસ ચાલી રહ્યો છે અને આકરાં તાપ પડવા જોઈએ તેના બદલે ગરમી ઘટી ગઈ છે.

રાજકોટ અને કચ્છમાં હળવો વરસાદ પડી શકે છે. જ્યારે સૌરાષ્ટ્રના અન્ય જિલ્લા, દીવ, દમણ, દાદરા, નગર હવેલીમાં વાતાવરણ સુક્કું રહેશે.

પાંચમા દિવસે તા.૨૭ થી ૨૮ની વચ્ચે હળવાથી ભારે વરસાદ વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલીમાં વરસશે. જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છ, દક્ષિણ ગુજરાત અને દીવમાં સુક્કું વાતાવરણ રહેશે.

આગામી ૨૭ અને ૨૮મી મેના રોજ દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં કમોસમી વરસાદ પડશે તેવી હવામાન વિભાગે આગાહી વ્યક્ત કરી છે. ખાસ કરીને નવસારી અને વલસાડમાં વરસાદી ઝાંપટા પડવાની વકી છે. બીજી તરફ સુરતમાં રવિવારે બપોર સુધી વાદળછાયું વાતાવરણ છવાયેલું રહ્યું હતું. વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ મહતમ તાપમાનમાં ૧ ડિગ્રી સેલ્સિયસનો વધારો નોંધાયો હતો. રવિવારે સુરતનું મહતમ તાપમાન ૩૪.૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮.૦ ડિગ્રી નોંધાયું હતુંય જ્યારે હવામાં ભેજનું પ્રમાણ ૬૬ ટકા અને પવનની મહતમ ઝડપ પ્રતિ કલાક ૮ કિલોમીટરની નોંધાઈ હતી. મહતમ તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો નોંધાયો હતો. તાપમાન વધવા સાથે આકરી ગરમી અને બફારાએ ઉપાડો લેતાં લોકો તોબા પોકારી ઉઠયાં હતા. બપોરે ચામડી દઝાડતી ગરમી લાગતા લોકોએ બહાર નીકળવાનું ટાળ્યું હતું. બીજી તરફ હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૭ અને ૨૮મી મેના રોજ નવસારી, વલસાદ સહિત દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારમાં વરસાદ પડી શકે છે.

## રાજપીપળા દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરી માં કનેક્ટિવિટી ના ધાંધિયા


રાજપીપલા,તા ૨૪

રાજપીપળા દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરી માં કનેક્ટિવિટી ના ધાંધિયાથીલોકો પરેશાન થઈ ઉઠ્યા છે.

છેલ્લા ૧૨ દિવસથી કચેરીમાં કનેક્ટિવિટી નથી. કલેકટર કચેરી પાસે બીએસએનએલ ના કેબલ કપાયા હોવાથી ઈન્ટરનેટ સેવા ખોરવાઈગઈ છે. દક્ષિણ ગુજરાત વીજ કંપનીની કચેરી માં કનેકટીવીટી ન હોવાને કારણે કચેરીનામોટા ભાગ ના કામો અટવાયા છે.અધિકારીઓ અને કર્મચારીઓનેપણ કેવડીયા તિલકવાડા વગેરેની કચેરીમાંથીકામો કરવાનો વારો આવ્યો છે.

આમ બીએસએનએલની કનેક્ટિવિટીની સેવાનર્મદા જિલ્લા મા તદ્દન નિષ્ફળ પુરવાર થઇ છે

બીએસએનએલની ઈન્ટરનેટ સેવા વારંવાર ખોટકાવાથી કારણે લોકોના કામો




થતા નથી.મોટાભાગની સરકારી કચેરીઓમાં ઈન્ટરનેટની સેવા કનેક્ટિવિટી ના અભાવે ખોરવાઈ જાય છે.

જેને કારણે લોકોના કામો અટવાયા છે.ખાસ કરીને કચેરીમાં સોલાર સિસ્ટમ ના કામોની ફાઈલો અટવાઈ પડીછે ગ્રાહકોએ બે-ત્રણ મહિનાથી પૈસા ભરી દીધા હોવા છતાં દક્ષિણ ગુજરાત વીજ કંપની માં કનેક્ટિવિટીની અને અન્ય કર્મચારીઓની સમસ્યા હોવાને કારણે ગ્રાહકોના કામો થતાં નથી. એજન્સી વાળા અને ગ્રાહકો કચેરીએ ધક્કા ખાય છે. પણ કામો થતાં નથી. અને જુદા જુદા બહાના કાઢે છે તેથી ગ્રાહકોમાંભારે રોષ ફેલાયો છે. સત્વરે સોલાર સિસ્ટમ ના અટવાયેલા કામો પુરા કરે એવી ગ્રહકોની માંગ છે.

તસવીર : જ્યોતી જગતાપ, રાજપીપલા




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૪ ગધ રચનાં.... .વિષય : સભ્યતાનું ધોરણ

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
એડમિન ટીમ.: નિર્ણાયક મંડળ, જયકાંતભાઈ ઘેલાણી, વિભૂતિ બેન દેસાઈ, પ્રદિપ રાવલ, સહયોગી : આરતી મરચંટ, અરૂણાબેન ત્રિવેદી
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No-0091

વિષયઃ સભ્યતાનું ધોરણ
પ્રકારઃ ગધ (લેખ)

સભ્યતા એક એવી ક્રિયા છે જેનાં દ્વારા નિશ્ચિત કરેલાં હેતુઓ, કાર્યો સફળ કરવાં માટેની રીતોનો વિકાસ.

આ વિકાસમાંથી માનવીએ મેળવેલાં સંતોષને સભ્યતા કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો સભ્યતા એટલે કોઈ જગ્યાએ પ્રાપ્ત કરેલી જીવનને લગતી એવી બધી જ બાબતોનો જથ્થો અને સામાજિક વ્યવસ્થા જે માનવને માનવેતર સમાજથી અલગ પાડે છે. દા.ત સિંધુ ખીણની સભ્યતા. (ગુગલના સૌજન્યથી)બીજું એક ઉદાહરણ એ આપી શકાય કે ગુફામાં વસવાટ કરતો આદિમાનવ આગ સળગાવવા પથ્થરનો ઉપયોગ કરે જ્યારે આધુનિક માનવ દિવાસળીનો ઉપયોગ કરે. અહીં અગ્નિ એ ઉદ્દેશ છે અને પથ્થર અને દિવાસળી સાધન છે તેથી બંનેને સિદ્ધિ મળે છે અને આ સિદ્ધિની પ્રાપ્તિને સંતોષને આવતા બદલાવને સભ્યતા કહે છે. સભ્યતાનું કાર્યક્ષેત્ર બે વિભાગમાં વહેંચાયેલું છેઃ (૧) યાંત્રિક સંગઠન (૨) સામાજિક સંગઠન

યાંત્રિક સંગઠનમાં ભૌતિક અને ટેકનિકલ સાધનોનો સમાવેશ થાય છે જેમ કે કોમ્પ્યુટર છાપખાનું રેડિયો-ટીવી ટેલિફોન વગેરે આ સંગઠનમાં આવે છે જ્યારે સામાજિક સંગઠન માનવીના વર્તન અને વિકાસનો નિયમન કરે છે તેમાં સમૂહો, કુટુંબો, સામાજિક ચળવળો અને જ્ઞાતિ તથા વર્ગવ્યવસ્થા જેવા આર્થિક અને સામાજીક સંસ્થાઓનો સમાવેશ થાય છે.

હવે આપણે સમજીએ સભ્યતાનું ધોરણ એટલે કે તેના ઉપયોગનું ધોરણ. પહેલા જોઈએ યાંત્રિક સંગઠન તો તેમાં કોમ્પ્યુટર મોબાઈલ ટીવી આધુનિક વસ્તુઓનો કેટલાં અંશે અને કેવી રીતે ઉપયોગ કરવો એ સભ્યતાનું ધોરણ છે. આવી વસ્તુઓનો સારી અને ખરાબ બંને રીતે ઉપયોગ કરી શકીએ છીએ. તેના ઉપયોગ પરથી આપણી સભ્યતા પણ દેખાય છે. કેવી રીતે સામાજિક સંગઠનમાં પણ કુટુંબો અને પરિવારોમાં સભ્યતા રાખવી, મિત્રો સાથે પ્રેમ લાગણી, નાતજાતના ભેદભાવથી દૂર, પરસ્ત્રીને માતા સમાન ગણવી, સંસ્કારો અને સંસ્કૃતિનું પાલન કરવું વગેરે કાર્યો કે જેનાથી આપણને સંતોષ મળે છે. અને આ સંતોષ એટલે જ સભ્યતા. બાળકને નાનપણથી જ આ સભ્યતા માતાપિતા તરફથી વારસામાં અપાય છે પરંતુ મોટા થતાં યુવાનો કેટલા અંશે તેનું પાલન કરે છે તે તેના સ્વભાવ અને આજુબાજુના વાતાવરણ પર જાય છે. બીજા શબ્દોમાં કહીએ તો સંસ્કાર એટલે જ સભ્યતા અને તેનું પાલન જેટલા પ્રમાણમાં થાય તે તેનું ધોરણ.

જિજ્ઞાસા યુ જોષી, "શુક"

---

## NOG SS NO. 0060

વિષય : સભ્યતાનું ધોરણ
પ્રકાર : ગધ (આર્ટીકલ)

આજે જયારે આપણે સભ્યતાનાં ધોરણ વિશે વાત કરી રહ્યાં છીએ ત્યારે પ્રથમ તો એ જ પ્રશ્ન ઉદ્ભવે કે સભ્યતા એટલે શું? તેનું ધોરણ, તેનો માપદંડ કોણ નક્કી કરે છે? કોને તેનો અમલ કરવાનો રહે છે?

મારી દ્રષ્ટિએ સભ્યતા એટલે સમાજ દ્વારા, સમાજમાં રહેનારાં તમામ લોકો માટે એકબીજા સાથે સારી રીતે વર્તન કરવાનાં વણલખ્યાં નિયમો. જેમાં ઘણી બધી વાતો આવરી લેવામાં આવી છે પણ મુખ્ય હેતું એ છે કે સમાજમાં સુચારુતા જળવાઈ રહે અને સૌ કોઈ શાંતિથી જીવી શકે. માનવી પહેલાં પાષણયુગમાં જીવતો હતો. ત્યાર પછી ધીમે ધીમે તે આજનાં દિવસ સુધી પહોંચ્યો છે, તે સર્વ વિદિત છે. આજ સુધી પહોંચતાં માનવે ઘણાં નિયમો બનાવ્યાં હશે અને તેને આજ સુધી તે વળગી પણ રહ્યો હશે અને અમુક નિયમોમાં સમય મુજબ ફેરફારો પણ કર્યાં હશે.

આપણે ટ્રાફિકનાં નિયમોનું ઉદાહરણ લઈએ તો સૌએ તેનાં નિયમોનું પાલન કરવાનું રહે છે અને લોકો કરે પણ છે. પરંતુ, જે લોકો તેમ નથી કરતાં તે પોતાની સાથે બીજાને પણ નુકસાન પહોંચાડે છે. જેમાં કેટલાંય નિર્દોષ લોકો પણ જીવ ખોઈ બેસે છે તો કેટલાંક જિંદગીભર અપંગ બની રહે છે. આવું જ ગેરવર્તન અમુક લોકો ગરીબો સાથે, સ્ત્રીઓ સાથે કે મજૂરવર્ગ સાથે કરતાં હોય છે જે ન કરવું જોઈએ. ગેરવર્તણુક ઘણીવાર માણસને મુસીબતમાં પણ મૂકી દે છે. આવું ન બને માટે જ સમાજનાં હોદેદારોએ વર્તનનાં અમુક માપદંડો નક્કી કર્યાં છે. જેથી ભગવાનની બનાવેલી આ દુનિયામાં સૌ કોઈ પ્રેમથી જીવી શકે. દરેક વ્યક્તિનું સન્માન કરવું, તમને ન ગમે તેવું વર્તન બીજાં સાથે ન કરવું, કોઈને શારીરિક, માનસિક કે આર્થિક નુકસાન ન પહોંચાડવું, ધીમા અવાજે વાત કરવી, સામેની વ્યક્તિને ધીરજથી સાંભળવી વગેરે જેવાં સભ્યતાનાં ધોરણોનું પાલન જો દરેક વ્યક્તિ કરવા લાગે તો સ્વર્ગ આ ધરતી પર જ ઉતરી આવે! બીજો લાભ એ મળે કે જ્યાં શાંતિ હોય ત્યાં વિકાસ થાય. માટે, સભ્યતાપૂર્ણ વર્તન કરીએ અને વિકાસનાં પંથે આગળ વધીએ અને સમાજે બનાવેલાં સભ્યતાનાં માપદંડો પર ખરાં ઉતરવાનો પ્રયત્ન કરીએ.

ભગવતી પંચમતીયા. 'રોશની

---

## NOG SS No : 0044

પ્રકારઃ-. ગધ
વિષયઃ- સભ્યતાનું ધોરણ
શીર્ષકઃ- સભ્યતા
શબ્દોઃ- ૨૦૭

'સભ્યતા' આ શબ્દ સમાજમાં ડગલેને પગલે સાંભળવા મળે.સમાજમાંથી જ શીખવા પણ મળે.સવાલ એ છે કે, સભ્યતા એટલે શું? એની વ્યાખ્યા શું? એનાં માપદંડ અલગ અલગ જગ્યાએ જુદા જુદા.

સામાન્ય રીતે ઉપલા સ્તર વાળા, નીચલા સ્તર વાળા પાસે સભ્યતાની આશા રાખે, પોતાનાં માપદંડ મુજબ. માવતર, પોતાનાં સંતાનો પાંસે એમનાં માપદંડ મુજબ. સભ્યતા જાળવવી એટલે વડીલોને માન આપવું,માન મર્યાદામાં રહેવું.ઘર પરિવાર, માવતરની આબરૂને લાંછન લાગે એવું કૃત્ય ન કરવું. શાળામાં શિક્ષકો, વિદ્યાર્થીઓ પાસેથી શિસ્તનો આગ્રહ રાખે તો આચાર્ય શિક્ષકો પાંસેથી . ઓફિસમાં બોસ એનાં કર્મચારીઓ પાંસેથી.

સભ્યતા વિશાળ ફલક પર જોઈએ તો વિદેશમાં વસવાટ કરનારે ત્યાંનાં માપદંડ મુજબ સભ્યતા જાળવવી પડે.જેમ કે, પરદેશમાં ઓફિસમાં અંગ્રેજીમાં જ વાત કરવી પડે.પોતાનાં વતનનાં સાથી કર્મચારી સાથે પોતાની ભાષામાં વાત કરવી હોય તો પૂછવું પડે," હું મારી ભાષામાં વાત કરું તો આપને વાંધો નથી ને?" એમ ન કરે તો સભ્યતા નથી એવું કહેવાય. પરદેશમાં યુવતી ટૂંકા કપડાં પહેરીને નીકળે તો કોઈનું ધ્યાન પણ જતું નથી! જ્યારે આપણાં દેશમાં એવું કહે કે,"સભ્યતા નેવે મૂકી,આને બળાત્કારનું કારણ જણાવે."

આપણે ત્યાં મહેમાન આવ્યાં હોય અને મોટેથી વાતો કરીએ તે એકદમ સામાન્ય જ્યારે પરદેશમાં પાડોશીને સભ્યતાનું ઉલ્લંઘન લાગે અને ચૂપચાપ પોલીસને ફોન કરે અને આપણે દંડ ભરવો પડે.

સભ્યતા માત્ર શિક્ષિત વર્ગમાં જ હોય એવું નથી.અશિક્ષિત વર્ગ પણ પોતાનાં માપદંડ મુજબ સભ્યતા જાળવીને જીવે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NGO સાહિત્ય સરિતા (૧)

## NOG SS No : 0039

વિષય - સભ્યતાનું ધોરણ
શબ્દો - ૩૫૦. નિબંધ
પ્રકાર : ગધ

સભ્યતાનાં આમ જુઓ તો વિનમ્રતા, સારું વર્તન, શહેરીકરણ, નાગરિકત્વ, સંસ્કૃતિ વગેરે અનેક અર્થ થાય છે. સભ્યતા એટલે પ્રાપ્ત કરેલી, (જીવનને લગતી બધી બાબતોનો જથ્થો અને સામાજિક વ્યવસ્થા જે માનવને માનવેતર સમાજથી અલગ પાડે છે.) (ગુગલના સૌજન્યથી)

સભ્યતા અને સંસ્કૃતિનો અર્થ ક્યાંક સમાન છે તો ક્યાંક એ બંને વચ્ચે આછીપાતળી ભેદરેખા છે.એનાં અર્થ વિશે વિદ્વાનોમાં મતમતાંતર રહેલા છે. "સમાજના મૂલ્યાત્મક સર્જનો એટલે સંસ્કૃતિ." -સમાજશાસ્ત્રી મેકાઈવર.

જ્યારે ટેક્નોલોજીની શોધ નહોતી થઈ ત્યારે જીવનશૈલી માટેના ભૌતિક સાધનો અલગ હતા.પોતાના જીવનની સ્થિતિ સુધારવાના નિરંતર પ્રયાસમાં શોધ અને વિકાસ દ્વારા જે પ્રાપ્ત કર્યું એ સભ્યતા છે.

(સભ્યતાનું કાર્યક્ષેત્ર મુખ્ય બે વિભાગમાં વહેચાયેલું છે.
(૧)- યાંત્રિક સંગઠન - જેમાં અનેક ભૌતિક વસ્તુઓના ઉત્પાદન માટે ટેક્નિકલ સાધનોનો વિકાસ,
(૨) - સામાજિક સંગઠન - આ સંગઠન વ્યક્તિના વર્તન અને વિકાસનું નિયમન કરે છે. ) ગુગલના સૌજન્યથી)

પ્રાચીન સંદર્ભોમાં સુસંસ્કૃત લોકોને આદિ અથવા જંગલી લોકોથી વિપરીત ગણાતા જ્યારે આજે આધુનિક લોકોને જૂનવાણી લોકોથી વિપરીત મનાય છે.આને પણ સભ્યતાનો વિકાસ જ કહેવાય.

સભ્યતાનાં ધોરણો અને માપદંડ સૌ પ્રથમ વ્યકિગત હોય છે "મૂર્ખ માણસ રૂપને પરણે છે જ્યારે બુદ્ધિશાળી સારા સ્વભાવને મહત્વ આપે છે."

શિક્ષિત વર્ગની અને અશિક્ષિત વર્ગની સભ્યતા અલગ અલગ હોય છે.

સભ્યતા પર અસર કરતા પરિબળો
(૧)- કૌટુંબિક - દરેક કુટુંબના પોતાના નિયમો હોય છે જે મોટે ભાગે દરેક વ્યક્તિ એકબીજા પ્રત્યેની લાગણી અને આદરને કારણે માનતી હોય છે.
(૨)- સોસાયટી અને જુદા જુદા સામાજિક સંગઠનો - અહીં પણ નિયમો હોય છે જે દરેક સભ્ય માટે બંધનકર્તા હોય છે. ઉચ્ચતમ સમાજ, મધ્યમ વર્ગીય સમાજ ને નિમ્ન સમાજ, દરેકને પોતાના ધોરણો અને માન્યતાઓ અલગ અલગ હોય છે.
(૩)- ધર્મ અને ધાર્મિક સંગઠનો - ધાર્મિક શાસ્ત્રોમા ધર્મ અને જીવન વિશેનું માર્ગદર્શન આપીને નિયમો આપ્યા હોય છે.
(૪)-- શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓ
અનુશાસન જળવાઈ રહે એ માટે શિક્ષણ આપતી દરેક સંસ્થાઓને પણ પોતાના ધોરણો હોય છે જે દરેક સભ્યને લાગુ પડે છે.
(૫)- વ્યવસાય તથા વ્યાવસાયિક સંસ્થાઓ - જ્યારે વ્યક્તિ કોઈ વ્યાવસાયિક સંસ્થામાં જોડાય ત્યારે એણે એ સંસ્થાના નિયમો પાળવાનાં હોય છે.
(૭) - આર્થિક બાબતો - આવકનું વ્યવસ્થિત આયોજન કરવું એ વ્યક્તિગત છે અને કોઈ પણ નિર્ણય લેવા માટે વ્યક્તિ સ્વતંત્ર છે.

સભ્યતાના કેટલાક ભયસ્થાનો પણ છે. માનવી સભ્યતાને દર્શાવતાં ક્યાંક દંભી પણ બનતો હશે જે આ સિક્કાની અનિચ્છનીય બીજી બાજુ છે! અતિ સભ્યતામાં સરી જઈને ક્યારેક વ્યક્તિ પોતાનું સ્વત્વ ગુમાવે એવી દહેશત પણ ખરી!

પ્રફુલ્લા "પ્રસન્ના", અમદાવાદ

# તિલકવાડા તાલુકા સાવલી-ગંભીરપુરા રોડ ઉપર ટ્રકના વીલ સાથે મોટર સાઈકલ અથડાતા અકસ્માતમા મોટર સાઈકલ ચાલકનું મોત



રાજપીપલા, તા ૨૪

તિલકવાડા તાલુકા સાવલી-ગંભીરપુરા રોડ ઉપરટ્રકના વીલ સાથે મોટર સાઈકલ અથડાતા અકસ્માતમા મોટર સાઈકલ ચાલકનું મોત નીપજ્યું છે. જેમાં અન્ય એક ને ગંભીર ઈજાથવા પામી છે. આ અંગે તિલકવાડાપોલીસ મથકે અકસ્માત મોત ગુનાની ફરિયાદ નોંધાઈ છે.

જેમાં ફરીયાદીસોનાબેન તે અર્જુનભાઇ પિતામ્બરભાઇ ભીલ ની દિકરી (ઉ.વ. ૩૩ ધંધો ઘરકામ રહે-ગોધામ તા.તિલકવાડા)એ આરોપીટ્રક નંબર જી.જે.૨૨ ૩.૩૩૬૬ ના ચાલક સામે ફરિયાદ નોંધાઈ છે. જેમાં ટ્રક નબર જી.જે.૨૨ યુ.૩૩૬૬ ના ચાલકે પોતાની ટ્રક રોડ ઉપર ઉભી રાખી અને ટ્રાફીક ને અડચણ રૂપ ટૂંક ઉભી રાખેલ. તે બાબતે રોડ ની બન્ને સાઈડે આડ નહી મુકી ટ્રક ની બાજુમાં ટ્રક નું વ્હીલ મુકી ટ્રક નું ટાયર બદલતા હતા ત્યારે ટ્રક ના ચાલકે પોતાના કબજાની ટ્રક રોડ ઉપર ટ્રાફીક અડચણ રૂપ ઉભી રાખી તેની બાજુમાં ટ્રક નુંટાયર મુકી તે બાબતે રોડ ની સાઈડમાં કોઈ આડ નહી મુકી કે સાઈડ સાર ઈડ બતાવ્યા વગર ટ્રક નું ટાયર બદલતા હતા તે વખતે આ કામના મો.સા.નં.જી.જે.૨૨ ડી.૦૭૩૭ના ચાલક અર્જુનભાઇ પિતામ્બરભાઇ ભીલે પોતાના કબ્જાની મો.સા. ટ્રક ના વ્હીલ સાથે અથડાતા તેઓને માથાના ભાગે ઈજાઓ પહોચાડી મોત નિપજાવેલ છે.તથા ફરીયાદી ને પણ જમણી આંખના ઉપરના ભાગે તથા જમણા હાથના કોણીના ભાગે તથા જમણા પગના ઘુટણ ના ભાગે સાધારણ ઈજાઓ કરી ટ્રક ચાલક ટ્રક ત્યાં મુકી ને ભાગી જઇ ગુનો કરતા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તસવીર :જયોતિ જગતાપ, રાજપીપલા

# આજથી એક સપ્તાહ સુધી દરરોજ ૧૮ થી ૪૪ વય જુથમાં ૧ લાખ યુવાનોનોં રસીકરણ કરાશે

મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીએ રાજયમાં કોરોના રસીકરણ અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં ૧૦ શહેરોમાં હાલ ચાલી રહેલી ૧૮ થી ૪૪ વય જૂથના લોકોની રસીકરણ કામગીરીમાં રોજના ૩૦ હજાર ડોઝ આપવામાં આવે છે તે વધારીને આવતીકાલ સોમવાર ૨૪ મે થી એક અઠવાડિયા સુધી રોજના ૧ લાખ ડોઝ આપવાનો નિર્ણય કર્યો છે.

રાજયમાં ૧૮ થી ૪૪ ની વય જૂથના યુવાઓનું રસીકરણ ઝડપથી અને વ્યાપક પણે થાય તેમજ વધુને વધુ યુવાઓને કોરોના સામેના આ અમોઘ શસ્ત્ર એવા રસીકરણનો લાભ આપી કોરોના થી સુરક્ષિત રાખવાના આરોગ્ય રક્ષા ભાવ સાથે શ્રી વિજય ભાઈ રૂપાણીએ આરોગ્ય વિભાગને આ ડોઝ એક સપ્તાહ સુધી ૧ લાખ ડોઝ રસીકરણ કરવા સૂચવ્યું છે

શ્રી વિજયભાઈ રૂપાણીના યુવા આરોગ્ય હિતકારી આ નિર્ણયથી અગાઉ ૩૦ હજાર યુવાઓના રોજ થતા રસીકરણમાં હવે રોજના એક લાખ યુવાઓને આવરી લેવાશે . આ નિર્ણયને પરિણામે એક અઠવાડિયામાં અંદાજે ૮ લાખ યુવાઓને કોરોના રસીકરણનો લાભ મળતા કોરોના સામે વધુને વધુ યુવાઓને રક્ષણ મળશે આરોગ્ય અગ્ર સચિવ ડો.જયંતીરવિના માર્ગદર્શનમાં આરોગ્ય વિભાગે આ રસીકરણ વ્યવસ્થા સુચારુ અને સુઆયોજિત રીતે પાર પડે તે માટેનું આયોજન કર્યું છે. અત્રે એ ઉલ્લેખ કરવો જરૂરી છે કે મુખ્યમંત્રીશ્રી વિજય ભાઈ રૂપાણીના દિશા દર્શનમાં ગુજરાત દેશભરમાં ૫૨ મિલિયન વેક્સિનેશનમાં અગ્રેસર રહ્યું છે.

ફ્રંટલાઈન વોરિયર્સ,૪૫ થી વધુ વય ના લોકોના રસીકરણમાં ગુજરાતે આ અગ્રેસરતા મેળવ્યા બાદ હવે ૧૮ થી ૪૪ વય જૂથના લોકોનું પણ વ્યાપક અને ઝડપી રસીકરણ કરીને યુવાઓની આરોગ્ય રક્ષા ક્ષેત્રે પણ દેશમાં અગ્રેસર રહેવા રાજય સરકાર પ્રતિબદ્ધ છે.

# ખેડૂતો બેહાલ, સરકારે ઘઉંની ઓછી ખરીદી કરી, બાકીના વાવાઝોડામાં ખરાબ થઈ ગયા

અમદાવાદ,તા.૨૪

૩૫૦૦ કિલો હેક્ટરે ઉત્પાદકતા પ્રમાણે ૧૩.૬૬ લાખ હેક્ટરમાં ઘઉંના વાવેતર થયા હતા. ગુજરાતમાં ચાલુ વર્ષે ઘઉંનું ઉત્પાદન ૪૫થી ૪૮ લાખ ટન થવાની શક્યતા છે. ગયા વર્ષે ૪૩.૧૨ લાખ ટન ઉત્પાદન હતું. આમ ૨.૨૫ લાખ ટન વધું ઉત્પાદન થયું છે. કુલ ઉત્પાદનના માત્ર ૧ ટકો ખરીદી કરી છે. આમ તો કુલ ઉત્પાદનના ૩ ટકા ખરીદી થવાની હતી. બાકીના ૯૭ ટકા ઘઉં તો ખાનગી બજારમાં ટેકાના ભાવથી નીચા ભાવે વેચાઈ ગયા છે અથવા વેચાવાના છે.

ગુજરાત સરકારે ચાલુ વર્ષે માત્ર ૧.૫૦ લાખ ટન ઘઉંની ટેકાના ભાવે ખરીદી કરવાનું નક્કી કર્યું છે. પણ અત્યાર સુધીમાં ૪૫ હજાર ટનથી વધું ખરીદી કરી નથી. આમ માત્ર ૩૩ ટકા ખરીદી કરીને ખેડૂતો પાસેથી બીજી ખરીદી કરવાનું બંધ કરી દેવામાં આવ્યું છે. તેથી ખેડૂતોમાં ભારે નારાજગી જોવા મળે છે.




## રાજપીપલા બલડ બેક્ર મા બલડ ખુટ્યું!

# સુરતની એક સંસ્થાએ વરાછામા શ્રદ્ધાંજલિ રક્તદાન કેમ્પ યોજીને ૧૦૨ જેટલું યુનિટ રક્તદાન કરીને રાજપીપળા બ્લડ બેંક ને ૧૦૨ યુનિટ લોહી આપતાં બ્લડ બેંકને મળ્યું જીવતદાન

રાજપીપલા, તા.૨૪

નર્મદા જિલ્લામાં કોરોનાની મહામારીમા લોહીની જરૂરીયાત વધી જવા પામી છે. છેલ્લા કેટલાક સમય થી રાજપીપળા ખાતે આવેલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, બ્લડ બેક્ર પાસે હાલલોહી નો સ્ટોક ખૂટી જવા પામ્યો હતો.માંડ ૫થી ૭બેગ સ્ટોકમાં હશે. ત્યારે હાલ નર્મદામા લોહીની ભારે તંગી પડી રહી છે. નર્મદા જિલ્લામાંથી કોઈ સેવાભાવી સંસ્થાઓ કે સરકારી કચેરીઓ કે અધિકારીઓ કે કર્મચારીઓ દ્વારા રક્તદાન થતું ન હોઈ ર્ક્મશ લોહીની ની જરૂરિયાત ઊભી થવા પામી છે. ત્યારેલોહી ની જરૂરિયાત માંગ વધી જવાથી તેની સામે લોકો તરફથી સામેથીલોહી નું દાન મળતું નથી. જેને કારણે હાલ બ્લડ બેક્ર પાસેલોહી ની તંગી ઉભી થવા પામી હતી.જોકે નસીબજોગે સુરતનીએક સંસ્થાએ વરાછા ખાતે એક શ્રદ્ધાંજલિ રક્તદાન કેમ્પ યોજીને ૧૦૨ જેટલું યુનિટ રક્તદાન દ્ કરીને



રાજપીપળા બ્લડ બેક્ર ને ૧૦૨ યુનિટ લોહી મળ્યું છે.તેનાથી બ્લડબેંકને પણ હાશકારો થયો છે. આ અંગે બ્લડ બેંકના ચેરમેન એન બી મહિડાએ જણાવ્યું હતું કે રાજપીપળા માંથી નર્મદા જિલ્લામાંથી છેલ્લા કેટલાક વખતથી રક્તદાનની પ્રવૃત્તિ ખાસ થતી ન હોવાથી અને લોકોમાં માં જાગૃતિ ન હોવાથી બ્લડ બેંકને જરૂરિયાત પ્રમાણે લોહી મળતું નથી.જેમાં ક્રિટીકલ સંજોગોમાં લોહીની ખાસ જરૂરિયાત વખતે દર્દીઓને મુશ્કેલીમાં મુકાવું પડે છે. ત્યારેરણ મા મીઠડી વીરડી ની જેમ સુરતની સેવાભાવી સંસ્થા એ નાના વરાછા સુરત ખાતે સ્વ.કિશોરભાઈ લાલજીભાઈ ધોળકીયા ના સ્મરણાર્થે આદિત્ય વહીવટી કમિટિ તેમજ આદિત્ય યુવા ટીમધોળકીયા પરિવાર ના સહકારથી રક્તદાન યોજી ૧૦૨યુનિટ રક્ત એકત્ર કરીને રાજપીપલા બ્લડ બેક્ર મળેલ છે.

આવી જ રીતે રાજપીપળા અને નર્મદા જિલ્લામાંથી પણ વિવિધ સેવાભાવી સંસ્થાઓ અને સરકારી તંત્ર સહયોગ આપે તો રક્તદાન અને રક્તદાન કેમ્પ દ્વારા વધુ રક્ત બેંકને મળી શકે.જેથી ઈમર્જન્સીમાં કોઈ ની જરૂરિયાત વાળાઓને લોહી પૂરું પાડી શકાય.

લોકો આ દિશામાં રક્તદાન કરવા આગળ આવે એ જરૂરી હોવાનું જણાવ્યું હતું.મિત ગ્રુપ મા સદસ્યો તથા છૂટક લોકો રક્તદાન કરે છે પણ વધુ રક્તદાન થાય એવા પ્રયત્નો કરવા લોકો આગળ આવે એ જરૂરી છે. તસવીર:જ્યોતિ જગતાપ રાજપીપલા

# રાજયના શ્રેષ્ઠ શિક્ષક અનિલ મકવાણાની કોરોનામા અનોખી સેવા



રાજપીપલા, તા ૨૪

રાજયના શ્રેષ્ઠ શિક્ષકઅને બોરીદ્રા ગામના પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક અનિલ મકવાણાએ પોતાના ગામમા કોરોનાની મહામારીમાં મા અનોખી સેવાકરી છે. કોરોના જેવી વૈશ્વિક મહામારી સામે જાગૃતિ સંદેશો ઘરે ઘરે જઈનેઆપે છે. જેમાં અત્યાર સુધીમાં ૬૦૦માસ્ક,૫૦૦૦ થી વધુકોરોના વોરિયર્સઅને ગામલોકોને લીબુ શરબત અને આયુર્વેદિક ઉકળા નું વિતરણ કર્યું છે. રૂ ૭૦,૦૦૦ ખર્ચે શાળાના બાળકો ને મફત ગણવેશ વિતરણ કરાયું.તથા ૩૫ હજાર ના ખર્ચેદાતા દ્વારા શાળા મા વોટર કૂલર આપેલ છે. ૨૦ હજારના ખર્ચે બાળકોને શિક્ષણ ની સામગ્રી આપેલ છે. જરૂરિયા મંદોને રાશન કીટ આપેલ છે. ગરીબો ને જીવન જરૂરી વસ્તુઓ પણ આપી છે. આ બધુ દાતાઓના દાનથી અને પોતાના યથાશક્તિ ફાળા થી આ તમામ સામગ્રી આપી ગામની સેવા કરી રહ્યા છે.કોરોના સામે સંપૂર્ણ ગાઈડ લાઈન નું ચુસ્ત પણે પાલન કરી ને સેવા નું ઝરણું અને શિક્ષણ નું ઝરણું વહેતુ રાખતા બોરિદ્રાના મુખ્ય શિક્ષકના પ્રયાસ થી ગામમા આજે એક પણ કોરોનાનો કેસ નથી. તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપ

### રમતવીરોને તાલીમ આપવા ઈચ્છુક વ્યક્તિ-સંસ્થા માટે સોનેરી તક

# રમત-ગમતને પ્રોત્સાહન આપવા માટે જિલ્લા કક્ષાએ "ખેલો ઈન્ડિયા સેન્ટર" શરુ કરવા માટે દરખાસ્ત મંગાવાઈ

**"ખેલો ઈન્ડિયા સેન્ટર"ને રમતદીઠ એક વખત મળવાપાત્ર શરુઆતી સહાય રુ. પાંચ લાખ. બાદમાં પ્રત્યેક રમતદીઠ આનુષંગિક ખર્ચ વાર્ષિક રુ. પાંચ લાખ**

ઓલિમ્પિક -૨૦૨૪ને ધ્યાનમાં રાખી જિલ્લા કક્ષાએ રમતવીરોને તાલીમ આપવા માટે ખેલો ઈન્ડિયા સેન્ટર(KIC) કાર્યરત કરવામાં આવી રહ્યા છે. જેમાં આર્ચરી,એથ્લેટિક્સ, બેડમિન્ટન સહિતની ૧૪ રમતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.ખેલો ઈન્ડિયાસેન્ટરમાં વધુમાં વધુ ત્રણ રમત અને રમતદીઠ ઓછામાં ઓછા ૩૦ તાલીમાર્થીઓ લાભ લઈ શકશે. ત્યારે આ પ્રકારના સેન્ટર માટે સંસ્થાઓ અને ભૂતપૂર્વ ખેલાડીઓ દરખાસ્ત કરી શકે છે.

ખેલો ઈન્ડિયા સેન્ટર માટે પ્રત્યેક રમતદીઠ એક વખત મળવાપાત્ર શરુઆતી સહાય રુ. ૫(પાંચ) લાખ છે. ત્યારબાદ જરુરી સ્ટાફનું માનદ વેતન, રમતગમતના સાધનોની ખરીદી, સ્પોર્ટ્સ કીટ, સ્પર્ધામાં ભાગ લેવા માટેનો ખર્ચ માટે પ્રત્યેક રમતદીઠ વાર્ષિક રુ. ૫(પાંચ) લાખની સહાય મળવાપાત્ર છે. ભારત સરકારની ગાઈડલાઈન મુજબ જિલ્લામાં આ સેન્ટર શરુ કરવા માટે ભારત અને ગુજરાત સરકારના રમત-ગમત વિભાગ દ્વારા જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા ફોર્મ નિયમઅનુસાર વેરીફાઈ કર્યા બાદ માન. કલેક્ટરશ્રી મારફત યોગ્ય લાયકાત ધરાવતી શાળાઓ, સંસ્થાઓ પાસેથી દરખાસ્ત મંગાવાઈ છે.જેમાં ભૂતપૂર્વ વિજેતા ખેલાડીઓ અને પાંચ વર્ષથી વધુ સમયથી રમત-ગમત ક્ષેત્રે પ્રોત્સાહન પુરુ પાડતી હોય તેવી એકેડમી, સંસ્થા, શાળાએ પોતાની દરખાસ્ત (વધુમાં વધુ ત્રણ રમત માટે ) જિલ્લા રમત ગમત અધિકારી, અમદાવાદની કચેરીને મોકલી આપવાની રહેશે.

આ કચેરીનું સરનામું- જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીની કચેરી, સાતમો માળ, રવિશંકર રાવળ કલાભવન, લો-ગાર્ડન, અમદાવાદ છે. આ દરખાસ્ત ૨૬-૦૫-૨૦૨૧ના સાંજે ૬-૦૦ કલાક સુધીમાં રુબરુમાં ૨(બે) નકલમાં મોકલી આપવાની રહેશે.

ખેલા ઈન્ડિયા સેન્ટર- કઈ રમતોનો સમાવેશ

આર્ચરી, એથ્લેટિક્સ, બેડમિન્ટન,બોક્સિંગ, સાયકલિંગ, ફેન્સિંગ, હોકી, જુડો, રોવિંગ, શૂટિંગ, સ્વિમિંગ, ટેબલ-ટેનિસ, વેઈટ લિફ્ટીગ, કુસ્તી

અહી નોધનીય છે કે ભૂતપૂર્વ ખેલાડીઓ તથા સંસ્થાઓએ રજિસ્ટ્રેશન આઈડી મેળવેલા હોવા જોઈએ. ઓનલાઈન આઈ.ડી માટે – nsrs.kheloindia.gov.in પરથી રજિસ્ટ્રેશન કરી શકાશે. અરજી ફોર્મ ખેલો ઈન્ડિયા વેબસાઈટ પરથી મેળવી શકાશે.



ઊંઝા અને પાટણના બે મિત્રો ને ૪ કરોડથી વધુ ની રકમ સાથે રાજસ્થાન પોલીસે રતન પુર બોર્ડર પર ઝડપયા.એક યુવક મહેસાણાના ઊંઝાનો અને બીજો પાટણ જિલ્લાના બાલીસણા ગામનો

# પાટણની ગુંગડી કેનાલ ને ચોખ્ખી કરવા કાર્યવાહી હાથ ધરવામાં આવી



પાટણ શહેરની જાણીતી કેનાલની સફાઈ હાથ ધરવામાં આવી છે.એક અઠવાડિયામાં આ કેનાલ સાફ કરીને ચોખ્ખી કરવાનું આયોજન કરવામાં આવ્યું છે એમ કોર્પોરેટર મુકેશભાઈ પટેલે જણાવ્યું ગુંગડી કેનાલ તરીકે જાણીતી આ કેનાલ પ્લાસ્ટિક અને કાગળ સહિતના કચરાથી છવાયેલી જોવા મળે છે પરંતુ ખૂબ જ જાગૃત અને એક્ટિવ કોર્પોરેટર મુકેશભાઈ પટેલના સઘન પ્રયત્નોને લીધે આ કેનાલને સાફ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે

ચોમાસાની ઋતુ નજીકમાં હોવાથી ભારે વરસાદ સમયે આ કેનાલમાં પાણી ભરાતાં વરસાદી પાણીનો સરળતાથી નિકાલ થઈ શકે તે માટે સફાઈની કામગીરી હાથ ધરાઈ છે

એક જેસીબી મશીન વડે કેનાલ નો કચરો, માટી સાફ કરીને ચાર ટ્રેકટર દ્વારા તેના નિકાલની કામગીરી કરાઇ વોર્ડ નંબર છ ના કોર્પોરેટર મુકેશભાઈ પટેલ , પાટણ શહેર ભાજપ પ્રમુખ કિશોરભાઈ મહેશ્વરી , સ્વચ્છતા ચેરમેન ગોપાલસિંહ રાજપુત તથા વોર્ડ ઈન્સ્પેક્ટર મુનાફ ભાઈ હાજર રહ્યા હતા

### સરકારી ચોપડે અત્યાર સુધીમાં કૂલ ૧૬ના મોત

# નર્મદા જિલ્લામાં આજે કુલ-૪૦ પોઝિટિવ કેસ નોંધાયા, એક નું મોત




રાજપીપલા,તા ૨૩

COVID-19 મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૩૯ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૦૧ સહિત કુલ-૪૦ પોઝિટિવ કેસ નોંધાયા છે. જેમાં એક નું મોત નીપજ્યું છે.

જોકે સરકારી ચોપડે અત્યાર સુધીમાં કૂલ ૧૬ના મોતબતાવાયા છે જ્યારે જયારે સ્મશાન ગૃહમાં કૂલ ૨૦૬ના અગ્નિ સંસ્કાર કરાયા છે ! રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૨૯ દરદીઓ અને કોવિડ કેર સેન્ટરમાંથી સાજા થયેલાં ૨૫ દરદીઓને આજે રજા અપાઈ છે આમ, હોમ આઈસોલેશનમા ૧૩૯ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૧૬ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૪૧, CHC ખાતે ૦૩ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૨૬ દરદીઓ સહિત કુલ-૨૨૫ દરદીઓ સારવાર હેઠળ છે. આજે RTPCR ટેસ્ટમાં ૭૦૦ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૫૮૩ સહિત કુલ-૧૨૮૩ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આજદિન સુધી શંકાસ્પદ-૪૩, કોવિડ ડેથ વીથ કોમોર્બીડીટી-૩૦ અને કન્ફર્મ કોવિડ ડેથ-૧૬ દરદીઓના મૃત્યુ નોંધાયેલ છે. પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૨૩ મી મે, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૫૬,૨૨૦ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસી,તાવ, ઝાડાના દરદીઓ સહિત કુલ-૨૪૧ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૮૫૬૬ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૫૩૨૨૭ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

### નર્મદા ના ગામડાઓમાં કોરોના સંકર્મણ વધતા

# ગામડાઓમાં ૨૦ જેટલી આરોગ્ય વિભાગ ની ટિમો ઉતારી દેવાઈ




રાજપીપલા, તા૨૪

નર્મદા જિલ્લા માં શહેર કરતા ગામડાઓમાં કોરોના સંકર્મણ વધુ પ્રમાણે છે અને જેને કારણે તંત્ર દ્વારા પણ ગામડાઓમાં ૨૦ જેટલી આરોગ્ય વિભાગ ની ટિમો ઉતારીદીધી છે. અને ઘરેઘરે જે ૪૫ વર્ષ થી ઉપરના લોકો છે જેને વેક્સિન ન લીધી હોઈ એમને સમજાવી રહ્યા છે . કોરોના સંક્રમણને અટકાવવા માટે કોવિડ-૧૯ વેક્સીનની રસી જ એક અમોઘ શસ્ત્ર છે.આરોગ્યતંત્ર દ્વારા જિલ્લાના લાછરસ, વજેરીયા, જેતપુર, સોલીયા, સેજપુર અને કોલવાન પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૪૫ થી વધુની વયના તમામ લોકોને કો-વેક્સીનની રસી આપવાની કામગીરી માંઆજે ૬૦૦ જેટલાં લોકોએ કોરોના વેક્સીનેશનો લાભ લેવડાવ્યો હતો

આ અંગે અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.વિપુલ ગામિતે જણાવ્યું હતું કે, હાલમાં ૪૫ થી વધુની વયના તમામ લોકોને જિલ્લાના જુદા જુદા ૭ જેટલાં કેન્દ્રો ખાતે કોવિડ-૧૯ ની કો-વેક્સીનની રસી આપવાઆપવામાં આવી રહી છે વેક્સીન થકી જ મૃત્યુનું પ્રમાણ પણ ઘટાડી શક્યા છીએ. કોરનાથી સંક્રમિત થયા હોઇ તો પણ ઝડપથી સાજા થઇ શકીએ છીએ તેથી ગભરાયા વગર વેક્સીન લેવી ખૂબજ હિતાવહ છે. વેક્સીનથી સુરક્ષિત રહી શકીએ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# જીતનગરના યુવાનનું કરજણ નદીમા ન્હાવા પડતાઉંડા પાણીમાં ડુબી જવાથી મોત

રાજપીપલા, તા ૨૪

જીતનગર ના યુવાનનું કરજણ નદીમા ન્હાવા પડતાઉંડા પાણીમાં ડુબી જવાથી મોત નીપજ્યું છે

આ અંગેની ફરિયાદ રાજપીપલા પોલીસ મથકે ફરિયાદી ભીખાભાઈ જેઠાભાઈ વસાવા (રહે.ચીત્રાવાડી તા.નાંદોદ)એ આપેલી ફરિયાદની વિગત અનુસાર મરનાર શાંતીલાલભાઈ ભીખાભાઈ વસાવા (ઉ.વ.૨૯ રહે.ચીત્રાવાડી તા.નાંદોદ જી.નર્મદા ) જીતનગર બારફળીયા) ગામે આવેલ કાળીયાભુત મામાના મંદિરે બાધામાં ગયેલાહતા.તે વખતે ત્યા આવેલ કરજણ નદિમા જતા પાણીમાં ન્હાવા પડતા પગ લપસી પડતા ઉંડા પાણીમાં ડુબી જવાથી તેનું મોત નીપજ્યું હતું.આ અંગે રાજપીપલા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

જ્યોતિ જગતાપ, રાજપીપ

### ૩૩ થી ૬૦ ટકા સુધીના નુકસાની વળતળ ખેડૂતો ને ચુકવાશે

# નર્મદામા વાવાઝોડા મા કેળના પાકને મોટા પાયે નુકશાન,નુકશાની વળતરની માંગ



રાજપીપલા, તા૨૪

નર્મદા જિલ્લામાં મુખ્યત્વે શેરડી અને કેળ ની ખેતી થાય છે ત્યારે હાલ માં જ આવેલ વાવાઝોડાએ નર્મદા જિલ્લાના કેળ ની ખેતી કરતા ખેડૂતોને રાત પાણી એ રોતા કરી દીધા છે જિલ્લામાં ૧૦૦૦હેકટર માં કેળ નું વાવેતર થાય છે અને હવે આ કેળ નો પાક તૈયાર જ હતો તેવામાં આ વાવઝોડાએ આ તમામ ઉભાપાક ને નુકસાન પહોચાડ્યું છે. જિલ્લાના રાજપીપલા,ધમણાચા,ભચરવાળા,ગામ ના ખેડૂતો નું કહેવું છે કે અમને કેળના એક છોડ પાછળ ૧૨૫ રૂપિયા જેટલો ખર્ચ લાગે છે ત્યારે સરકારે સર્વે તો કર્યો છે પરંતુ અમને એક છોડ દીઠ ૨૦૦ રૂપિયા પ્રમાણે વળતળ આપે તો જ અમને વળતર મળ્યું કહેવાય જોકે જિલ્લા નાયબ બાગાયાતી અધિકારી એન.વી.પટેલ નું કહેવું છે કે સરકાર ની ગાઈડ લાઈન મુજબ બાગાયતી પાક માં એકર દીઠ ઝીરો થી તેત્રીસ ટકા સુધી નુકસાની માટે વળતળ મળવા પાત્ર નથી પરંતુ તેત્રીસ ટકા થી સાંઠ ટકા સુધી નુકસાની વળતળ ચુકવવમાં આવશે જેમાં એકર દીઠ વિસ હજાર રૂપિયા ચુકવવામાં આવશે જયારે ખેડૂતો નું કહેવું છે કે અમને ખર્ચ ઘણો આવે છે અને તે માટે સરકાર છોડ દીઠ વળતર ચૂકવે તોજ અમે આગામી વર્ષે ખેતી કરી શકીશું નહીતો અમે પાયમાલ થઇ જઈશું

રિપોર્ટ :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# માણાવદરનો યુવાન મૃતકોના અગ્નિદાહ કરી બીજાને હિંમતવાન બનાવે છે



માણાવદર શહેરમાં દિનપ્રતિદિન કોરોના કેસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે શહેરના સ્મશાનમાં રોજની ૫ થી ૧૦ ડેડ બોડીઓ અગ્નિદાહ માટે આવી રહી છે આ વચ્ચે જે કોરોનામા મૃત્યુ થયા હોય કે સામાન્ય મૃતક હોય તેની સ્મશાનયાત્રામાં હવે લોકો જાતા ભય અનુભવી રહ્યાં છે માત્ર મૃતકના બે ગણ્યા ગાંઠ્યા હોય તે અગ્નિદાહ આપી બહાર જતા રહે છે તેવી સ્થિતિમાં એકમાત્ર નવયુવાન હિમ્મતવાન નીડર એવા સેવા કરનાર મેહુલભાઈ દેવશીભાઇ મારુ જાતે લાકડા ગોઠવે છે ત્યાં જો કોઈ ના હોય તો તેને અગ્નિદાહ પણ આપે છે અનેક મૃતકોને અગ્નિદાહ આપી બીજાને હિંમતવાન બનાવે છે જે દર્દીઓ મૃત્યુ પામ્યા તેના પરિવાર ને ડેડ બોડી ઉપાડવામાં બીક લાગતી હોય પરંતુ આ મેહુલભાઈ મારું હિંમત આપે છે તેઓ પણ મદદ કરી સબવાહિનીમાં લઈ જાય છે સંપૂર્ણ કીટ પહેરી જો કોઇ નાગરિક તેના સંબંધીને અગ્નિદાહ આપતાં બીક લાગતી હોય તો તે પોતે કીટ પહેરી અગ્નિદાહ આપે છે.તેઓ જો કોઈ દર્દીને તાત્કાલિક દવાખાને જુનાગઢ લઈ જવાની જરૂર હોય તો જરૂરિયાત મંદ લોકો માટે સેવા આપશે મો. ૯૪૨૯૬ ૫૮૭૨૩ સંપર્ક કરવો ઘણી વખત એવું બને છે કે કોરોના નું નામ પડે એટલે વાહન ચલાવનાર આવતા અચકાય છે પરંતુ મેહુલભાઈ એ હિંમત બતાવી છે જો કોઈની જિંદગી બચતી હોય તો બધું કરવા તત્પર છે સલામ છે આવા નવયુવાન લોખંડી પુરુષને કારણે આવા કપરા કાળમાં પોતાના સ્વજન દૂર ભાગે છે ત્યારે આ લોખંડી પુરુષ એવા મેહુલભાઈ મારું હિંમત બતાવી તમામ કપરી કામગીરી કરી રહ્યા છે

હાલ માણાવદર સ્મશાનગૃહમાં દરરોજ બેથી ત્રણ ટ્રેક્ટર લાકડા જોઈએ છે આરએસએસ માણાવદર તથા અનેક સ્વૈચ્છિક દાતાઓ લાકડા ભેગા કરી રહ્યા છે આ સ્મશાન ગૃહમાં ખુલ્લું મેદાન છે તેમાં છાપરા નાખવાની જરૂર જ છે કારણ કે આજુબાજુમાં ૯ કોરોના દર્દીઓના અંતિમ સંસ્કારથી નજીક રહેતાં નાગરિકો માટે જોખમરૂપ છે લાકડા વધુ નાખવાની જરૂર છે ત્યાં કાયમી કર્મચારીઓની જરૂર છે જે કર્મચારી રજા ઉપર ગયા હોય ત્યારે મરણ રજિસ્ટરમાં નોંધ પણ મેહુલભાઈ મારુંએ કરવી પડે છે ઉપરાંત અસ્થિકુંભ સો ખાના છે જે હાઉસફુલ થઈ ગયા છે તેમાં નવો વધારો કરવાની જરૂર છે હાલ તો રંગ છે આ લોખંડી પુરુષ મેહુલભાઈ મારું ને લોકોને હિંમતવાન બનાવે છે સલામ છે તમને મેહુલભાઈ મારુ

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

### કોરોના સેવાયજ્ઞમાં ૧૬ જેટલા નવયુવાનોનું ગૃપ કોરોના વોર્ડમા હુંફાળું વાતાવરણ પુરૂ પાડે છે.

# સોલા સિવિલ હોસ્પિટલમા કોવિડ દર્દીઓ માટે સરકારની સાથે સેવાભાવી સંસ્થાઓનું ઉમદા કાર્ય

કોરોના મહામારી સામેની લડતમાં સરકારની સાથે-સાથે અનેક સેવાભાવી સંસ્થાઓ પણ આગળ આવી રહી છે. અને સતત કોરોનાના દર્દીઓ અને તેમના પરિવારજનો માટે ઉમદા કાર્ય કરી રહી છે.

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયેલ કોવિડ દર્દીઓ માટે અનેક સંસ્થાઓ કાર્યરત છે. આ કપરા સમયમાં એક બીજાને મદદરૂપ થવું એ આપણી સૌની નૈતિક જવાબદારી છે. એવા ઉમદા વિચારધારા સાથે અમદાવાદના ૧૬ જેટલા યુવાન-યુવતીના ગૃપ તરફથી કોરોના થયેલ દર્દીઓ માટે સેવા કરવી છે તેવો મક્કમ નિર્ધાર કર્યા બાદ એક પહેલનાં ભાગરૂપે ''પ્રયાસ'' એક્ટ ફાઉન્ડેશન (Alliance Contriving Transformation Foundation) બનાવવામાં આવ્યું.

સોલા સિવિલના આરોગ્યકર્મીઓ સાથે જોડાઈને કોવિડના દર્દીઓને મદદરૂપ થવા અને કોરોના વોર્ડમા હકારાત્મક અને હુંફાળું વાતાવરણ પુરો પાડવાના ધ્યેય સાથે એક્ટ ફાઉન્ડેશનમા કાર્યરત સેવાભાવી યુવાન-યુવતીઓ દ્વારા કોરોના સંક્રમિત દર્દીઓને સવારે પૌષ્ટિક નાસ્તો, જ્યુશ, તથા પીવાના પાણીની બોટલ પુરી પાડવામાં આવે છે. ઉપરાંત દાખલ થયેલ કોવિડ દર્દીઓને વોર્ડમા હકારાત્મક વાતાવરણ મળી રહે તે હેતુથી તેમને વાંચન કરવા માટે પ્રેરણાદાયી પુસ્તકો આપવામાં આવે છે. બિમાર દર્દીઓ માટે સંગીત એ મન મષ્તિકને શાંત કરતું ઉત્તમ માધ્યમ છે તેથી વોર્ડમા કોરોનાના વિચારો દૂર થાય અને હુંફાળું વાતાવરણ ઉભુ થાય તે માટે દરરોજ સંગીત વગાડવામાં આવે છે. તદુપરાંત જરૂરિયાતમંદ દર્દીઓને કપડા અને જીવન જરૂરી પ્રાથમિક વસ્તુઓ પણ સંસ્થા તરફથી પુરી પાડવામાં આવે છે.

સંસ્થાના પ્રમુખ શ્રી પ્રતિક બચાણી કહે છે કે અમારો ઉદ્દેશ છે કે તબીબોની સારવાર સાથે સાથે સંક્રમિત દર્દીઓને પ્રોત્સાહનરૂપી સકારાત્મક વાતાવરણ મળી રહે અને તેઓ જલ્દીથી સાજા થઈને તેમના પરિવારજનો પાસે જઈ શકે. એક્ટ ફાઉન્ડેશન દ્વારા દરરોજ ૨૦૦ જેટલા ફૂડ પેકેટ અને નાસ્તો તથા પાણીની બોટલ સોલા સિવિલમાં આપવામાં આવે છે. યુવા ગૃપના સભ્યો દ્વારા જાતે જઈને દરેક દર્દીઓને નાસ્તો આપવામાં આવે છે.



સોલા સિવિલમા એક્ટ ફાઉન્ડેશન સાથે શરણમ ફાઉન્ડેશન અને વી વીલ હેલ્પ યુ ટ્રસ્ટ જેવી સંસ્થાઓ દ્વારા પણ મદદ પુરી પાડવામાં આવે છે. કાર્યરત તમામ સંસ્થાઓની દેખરેખ સોલા સિવિલના સુપ્રિટેન્ડેન્ટ ડો.પીનાબેન સોની, અને RM ડો.પ્રદીપભાઈ પટેલ કરી રહ્યા છે અને જરૂરી માર્ગદર્શન આપી રહ્યા છે.

- મનીષા પ્રધાન

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.